Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ • અંક : ૪૬ • તા. ૯ થી ૧૫ નવેમ્બર ૨૦૧૨ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No.MH/MR/East/53/2012-14

## જ્ઞાતિગૌરવ : ધુલીયામાં શાસકીય કૃષિ વિદ્યાલયના પરીક્ષા હોલનું નિર્માણકાર્ય જ્ઞાતિના ફાળે. ધુલીયા કૃષિ વિદ્યાલયના પરિક્ષા હોલના તા.૨૭-૧૦-૧૨ના ઉદ્‌ઘાટન પ્રસંગની તસ્વીરી ઝલક

ઉદ્‌ઘાટક : આદરણીય મુખ્યમંત્રી શ્રી પૃથ્વીરાજ ચૌહાણ • બાંધકામ નિર્માણના કોન્ટ્રેકટર્સ : મે. વર્ષા કન્સ્ટ્રકશન કું-ધુલીયા
કંપનીના સંચાલકો : શ્રી વસંત ઠાકરશી ગોસર, શ્રી. તરૂણ વસંત ગોસર, શ્રી કેતન ઠાકરશી ગોસર



।। શ્રી ગણેશાય નમઃ ।। ઉદ્‌ઘાટન પ્રસંગે શુભેચ્છા ભેટવર્ષા



મુખ્યમંત્રીના હસ્તે નૂતન હોલની ઉદ્‌ઘાટન વિધિ



ઉદ્‌ઘાટન પ્રસંગે મુખ્યમંત્રી, મંત્રીગણ અને માન્યવર અગ્રણીઓ



CM શ્રી પૃથ્વીરાજ ચૌહાણને સંભારણું આપતાં શ્રી ગોસર



શુભેચ્છા ભેટ સ્વીકારતા શ્રી પૃથ્વીરાજ ચૌહાણ



ઉદ્‌ઘાટન પ્રસંગે CM દ્વારા શ્રી ગોસર પરિવારનું બહુમાન



નિર્માણકર્તા મે. વર્ષા કન્સ્ટ્રકશન કંપનીને બિરદાવતા મુખ્યમંત્રી



શ્રી ગોસર પરિવારના હસ્તે મુખ્યમંત્રીનું બહુમાન

# પૂ.આ.શ્રી જિનેન્દ્રસાગરસુરીજી શ્રી ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ-ધુલીયા શિક્ષણ ફંડમાં અનુદાન હાર્દિક અનુમોદના



સંસ્થાના ચેરમેન શ્રી તિલકચંદભાઈને શિક્ષણ ફંડ માટે દાન રકમ અર્પણ કરતા દાતા નિર્મલાબેન ઉત્તમચંદ નાગડા




કાર્યક્રમ પ્રસંગે મંચપર એકમ પ્રમુખશ્રી, ધુલીયા મહાજન અને ધુલીયા વિદ્યાર્થીગૃહના પદાધિકારીઓ તથા દાતાશ્રી

સંસ્થાને **માતુશ્રી નિર્મલાબેન ઉત્તમચંદ નાગડા પરિવાર (માટુંગા)** દ્વારા તેમના માવિત્રોના સ્મરણાર્થે શિક્ષણ ફંડમાં રૂ.૫૧,૦૦૦નું અનુદાન અર્પણ કરાયેલ. વિદ્યાર્થીગૃહના આ ઋણમુક્તિ સુકૃતની અંતઃકરણથી અનુમોદના...

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ એકમ - મહારાષ્ટ્ર**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - ધુલીયા**

**શ્રી ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ-ધુલીયાનું સંચાલક મંડળ**

## મે. વર્ષા કન્સ્ટ્રક્શન કું-ધુલીયાને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ...

ધુલીયા મહાજનશ્રીના પ્રમુખ **શ્રી વસંત ઠાકરશી ગોસર** (B.E. Civil) ઇન્જીનીયર **શ્રી તરૂણ વસંત ગોસર** અને **શ્રી કેતન ઠાકરશી ગોસર**ના શ્રેષ્ઠ પ્રયત્નો, શ્રેષ્ઠ કામગીરી અને અનુભવથી ધુલીયામાં કૃષિ મહાવિદ્યાલના નૂતન પરીક્ષાખંડ ઇમારતનું નિર્માણ કાર્ય તેમની **મે. વર્ષા કન્સ્ટ્રક્શન** કુંના ફાળે આવ્યું જે આપણા ગોસર પરિવારે તેને શ્રેષ્ઠ ખંત-કાળજીથી સમયસર પૂર્ણ કરી દીપાવ્યું. આ પ્રતિષ્ઠત કાર્યની કદરરૂપે આ નવનિર્માણના ઉદ્‌ઘાટન પ્રસંગે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી **શ્રી પૃથ્વીરાજ ચૌહાણ** પાંચ-પાંચ મંત્રીઓની ટીમ સાથે પધારી મે. વર્ષા કન્સ્ટ્રક્શન કુંના ડાયરેક્ટર્સ અને સ્ટાફનું જાહેર અભિવાદન કરેલ.

જ્ઞાતિને ગૌરવ અપાવે એવી વિશિષ્ટ સિધ્ધિ બદલ વર્ષા કન્સ્ટ્રક્સન કું માટે સર્વે ધુલીયાવાસી જ્ઞાતિજનો આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છે. **શ્રી વસંતભાઈ ઠાકરશી ગોસર પરિવાર**ને હાર્દિક અભિનંદન અને વધુ યશસ્વી ભાવિની શુભેચ્છાઓ.


-: શુભેચ્છક :-



**શ્રી ગોવિંદજી નેણશી સોની સમસ્ત પરિવાર**

(સાંયરા-ધુલીયા)

નવલપ્રભા ટ્રેડર્સ • નવલપ્રભા માર્કેટીંગ

સોની સર્વિસીઝ • સોની ક્લાસીસ



**આદ્યતંત્રીઓ**
"પ્રકાશ"
ડો. વેલજી પાશ્વીર ગોસર
"સમીક્ષા"
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
"પ્રકાશ સમીક્ષા"
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## જ્ઞાતિ વસતીપત્રક : દશાઈ અસ્મિતાનું આગવું પ્રતિબિંબ – ચંપક જીવાણી

ભારતભરમાં કોઈ જ્ઞાતિ-સમાજ-સંપ્રદાયે પોતાના સભ્યોનું આટલી ઝીણવટભરી ચોકસાઈપુર્વકની વિવિધલક્ષી સંપુર્ણ માહિતી અને તેના આંકડાકીય વિશ્લેષણ સહ વિગતોભર્યું **વસતીપત્રક** તૈયાર કર્યું હોય (૧૦૦% ડેટા) તો તે માટે યશભાગી પ્રાયતઃ શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ હશે. વિશેષ ગૌરવરૂપે કહીએ તો આ રીતે સતત ૭-૭ વસતીપત્રક સુધીની આ સંપુર્ણ પ્રક્રિયા જાળવી રાખી સમાજસેવા ક્ષેત્રે એક વિશિષ્ટ મોભાનું અને ગૌરવનું સ્થાન મેળવ્યું છે.

પ્રાથમિક માહિતી મુજબ કદાચ ભાવિમાં જ્ઞાતિ માટેના વિશિષ્ટ યોગદાન આગવી પ્રણાલિકા અને સમાજસેવા ક્ષેત્રે બહુમુલ્ય પ્રદાન માટે ગિનેશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ અને લિમ્કા બુક ઓફ રેકોર્ડસમાં પણ આ બાબતની નોંધ લેવાય.

અત્રે એ નોંધનીય છે કે ૭મા વસતીપત્રકના પ્રારંભે મુંબઈમાં કે.ડી.ઓ.ક્લાસીકના એક કાર્યક્રમમાં ભારતના જનગણના પંચના વડાએ પણ આપણી આ વસતીપત્રક બાબતની વિશેષ ખાસીયતની નોંધ લઈ પ્રશંસા કરી હતી.

આઠમું વસતીપત્રક પણ પુરજોશમાં ચાલી રહ્યું છે. દેશભરમાંથી જ્ઞાતિ પરિવારોના માહિતી ફોર્મ આવી રહ્યા છે.આ વસતીપત્રક જ્ઞાતિની ત્રીશેક હજાર જનસંખ્યા ધરાવતા ૪૫૦થી વધુ સ્થળે રહેતા, સાતેક હજાર પરિવારોની સંપુર્ણ કૌટુંબિક માહિતી, સગપણ, ઉપરાંત દરેકનું શિક્ષણ, ઉદ્યોગધંધા-વ્યવસાય-નોકરી, કલા-વિશેષતા આદિ માહિતી સંકલિત કરાઈ છે જે વિશેષતા છે.

આ આઠમું વસતીપત્રક-ઓન લાઈન વેબસાઈટ પર કાર્યરત રહેશે તેવી પ્રક્રિયા ચાલુ થઈ ગઈ છે. પ્રાયતઃ તા.૨૬-૧-૧૩નાં આ આગવી - અનોખી - ઉપયોગી વેબસાઈટનું ઉદ્ઘાટન થાય તેવો અંદાજ છે. સૌના સમયસરના સહકારથી જ આ સ્વપ્ન સાકાર થશે એટલે દરેક જ્ઞાતિજને પોતાની ફરજ સમજી જાગૃતિ દર્શાવી જ્ઞાતિગૌરવના આ કાર્યમાં સક્રિય સહભાગી થવા અપીલ છે. આપણા પ્રતાપી પુર્વજોએ કંડારેલ આ વ્યવસ્થાને સમયોચિત ફેરફારો સહ નવા તંત્રજ્ઞાન અને માહિતી સાધનોના આધારે વધુ અસરકારક અને ઉપયોગી બનાવવા જહેમત લઈએ અને સમયનુસાર પરિવર્તનને વધાવી લઈ આગળ વધીએ.

છેલ્લા બે વસતીપત્રકથી આપણે કોમ્પ્યુટર ટેકનોલોજી દ્વારા તેને ૧૦૦% માહિતીભર્યું અને ક્ષતિરહિત બનાવવાનું લક્ષ્યાંક હાંસિલ કરતા રહ્યા છીએ અને તેમાં સફળ પણ રહ્યા છીએ. વિશેષમાં આ વખતે વધુમાં વધુ ઉપયોગીતાભર્યું, અસરકારક, ક્ષતિરહિત અને વિશ્વસનીય વિવિધલક્ષી ડેટાસહ સર્વગ્રાહી વસતીપત્રક વેબસાઈટ પર ONLINE મુકી રહ્યા છીએ તે પણ દરેક સભ્યના ફોટા સહ. જે આપણને એક બટન સ્પર્શ (click)થી જોઈતી તમામ માહિતી સ્ક્રીનપર રજુ કરશે. આપણને જોઈતા દરેક પ્રકારના ડેટા (માહિતી) આ તંત્રજ્ઞાન અને સુવિધાના આધારે પલકવારમાં ઉપલબ્ધ કરાવશે એ કેટલી મોટી સિધ્ધિ છે.

આ મહાકાય જ્ઞાતિ ડેટાબેઝ આ સ્વરૂપે તૈયાર કરવા પાછળ અત્યાર સુધીના ૭ વસતીપત્રકના નામી-અનામી પાયાના કાર્યકરોની તે સમયની વિના સાધન-યંત્રણાએ પણ કરેલ નિસ્વાર્થ સમાજસેવા અને જ્ઞાતિદાઝની ભાવનાને આભારી છે. તેવા દિલના ઋણ સ્વીકાર સાથે તે સર્વે સમાજસેવી કર્મીઓને શતશઃ સલામ... અને આજે જ્ઞાતિમૈયાના ચરણે ધરેલ આ અમુલ્ય ભેટ બદલ તેના સર્વે સહયોગીઓ અને ટીમની સેવા તથા મહેનતની ભુરી ભુરી અનુમોદના કરીએ.

આ પ્રકારે જ્ઞાતિ વર્ષોથી પોતાના સભ્યોની સંપુર્ણ માહિતી જાળવી તેના આંકડા અને હકીકતના ડેટાનું રચનાત્મકપણે જ્ઞાતિહિતાર્થે ઉપયોગ કરી પ્રગતિશીલ રહી છે. આ વસતીપત્રક સાધન એ આપણી ઐક્યતાની અસ્મિતા છે. એ આપણને એક પરિવારરૂપે જોડી રાખે છે. આ સંકલિત માહિતી આપણે આપણા વધુ વિકાસ અને જ્ઞાતિ નવોદય માટે રચનાત્મકપણે ઉપયોગ કરી તેનો વધુ લાભ લઈએ.

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરિટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર દ્વારા



# મેડીકલ કેમ્પ

(કેમ્પમાં ખાસ રાજકોટથી ડૉ. રાજેશ ઠક્કર સેવા આપવા પધારશે.)

## હાડકાના દર્દીઓ માટે

**ઘુંટણનો દુખાવો, સાઈટીકા, કમર, ખભાનો દુખાવો, પગના તળીયા પેનીનો દુખાવો.**

તારીખ : શુક્રવાર, ૨૩/૧૧/૨૦૧૨

સમય : સવારે ૧૦ થી ૫ ક.

**રજીસ્ટ્રેશન માટે સંપર્ક**

**અજય શાહ - ૯૮૯૨૩૭૨૭૭૭**

**સ્થળ : શ્રી કીરીટભાઈ લાપસીયા જૈન ભવન, ચેમ્બૂર આદેશ્વરદાદા દેરાસરની પાછળ**

## કીડની, ડાયાબિટીસ તથા અન્ય બિમારી માટે

**ડાયાલીસીસ, ડાયબિટીસ તથા કેન્સર વગેરે બિમારીઓનું નિદાન**

તારીખ : શનિવાર, ૨૪/૧૧/૨૦૧૨
સમય : સવારે ૧૦ થી ૪ ક.

તારીખ : રવિવાર, ૨૫/૧૧/૨૦૧૨
સમય : સવારે ૧૦ થી ૨ ક.

**વધુ વિગત અને રજીસ્ટ્રેશન માટે સંપર્ક**

**શ્વેતા : ૯૬૧૯૨૭૦૪૩૦**

**સ્થળ : શ્રી ચેમ્બૂર જૈન મેડીકલ રિલીફ સેન્ટર જૈન મંદિરની સામે, ૧૦ મો રોડ, ચેમ્બૂર**

**ખાસ નોંધ : કેમ્પનો લાભ લેવા રજીસ્ટ્રેશન ફોન પર કરાવવું જરૂરી છે. કેમ્પમાં પહોંચ્યા પછી પ્રથમ રજીસ્ટ્રેશનના હાડકાના દર્દીઓ માટે રૂા. ૫૦/- અને કીડની-ડાયાલીસીસના દર્દીઓને રૂા. ૧૦૦/- ભરવાના રહેશે. કીડની-ડાયાલીસીસ ના દર્દીઓને અપાતી દવાઈના ચાર્જ અલગથી આપવાના રહેશે.**


**સર્વે જ્ઞાતિજનોને કેમ્પનો લાભ લેવા અનુરોધ.**


---

।। શ્રી ગણેશાય નમો નમઃ ।। ।। જયશ્રી વાછરાદાદાય નમો નમઃ ।। ।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।

## સાંધવ ગામના શ્રી વાછરાદાદાની પહેડી પ્રસંગે...

કારતક સુદ ૧૧ શનિવાર **તા.૨૪-૧૧-૨૦૧૨**નાં રાત્રે ૮.૦૦ કલાકે...





**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ આયોજીત**

## ભવ્ય ભજન સંતવાણી અને લોકડાયરો

આ પ્રસંગે આપ સર્વેને પધારવા હાર્દિક આમંત્રણ

**લોકડાયરાના કલાકારો : શ્રી લક્ષ્મણ બારોટ** (સુરદાસ, ભજનીક), **ઉવર્શીબેન લાબડીયા** (ભજનીક, લોકગીત) **શ્રી મોરારદાન ગઢવી** (લોક સાહિત્યકાર) **શ્રી ધીરજસિંહ અબડા** (બેન્જોવાદક) **શ્રી બબા ઉસ્તાદ** (તબલાના તરવૈયા)

**-: સંત શિરોમણી આશિર્વાદ :-**

**પૂ. સંત શ્રી શાંતિદાસજી બાપુ**(રવિભાણ આશ્રમ-વીરાણીમોટી)
**પૂ. સંત શ્રી કલ્યાણદાસજી બાપુ** (હીંગરીયા હરી આશ્રમ)
**પૂ. સૈયદ હાજી જાંગીર શાહ** (હીંગરીયા હરી આશ્રમ)
**પૂ. સૈયદ હાજી જાંગીર શાહ** (હાજીમીયા સાહેબ-વિંજાણ)
**પૂ. મહંતશ્રી પુરુષોતમગીરી બાપુ** (પીંગલેશ્વર મહાદેવ)
**પૂ. સંત શ્રી હરીસંગજી દાદા** (અલખ આશ્રમ-ગુનેરી)
**પૂ. ચંદુમાં** (શ્રી અંબેધામ-ગઢશીસા)
**પૂ. ચંદુમાં** (શ્રી અંબેધામ-ગઢશીસા)**સૈયદ હાજી જાંગીર**
**પૂ. આશાભારતીજી માતાજી** (વીરાણી)
**પૂ. સંત શ્રી હરીદાસજી મહારાજ** (ઓધવરામ આશ્રમ-મુર્થબાણ)
**પૂ. સંત શ્રી પ્રેમગીરીજી બાપુ** (આણંદપર આશ્રમ)

**-: કાર્યક્રમના અતિથિવિશેષ :-**

**શ્રી જયંતીભાઈ પુરુષોતમ ભાનુશાલી** (હાજાપર)
**શ્રી મનજીભાઈ (બાપુ) ખીંયસી ભાનુશાલી** (રતાતળાવ)-નરેડી
**શ્રી મેશોજી રાણાજી સોઢા** (કંકાવટી)
**શ્રી પ્રવિણ હંસરાજ લોડાયા** (આરીખાણા-મુંબઈ)
**શ્રી મુળરાજભાઈ લક્ષ્મણભાઈ ગઢવી** (મોટી સિંધોડી)
**શ્રી કિશોરસિંહ વખતસિંહ જાડેજા** (વિંજાણ)
**શ્રી વિજયભાઈ ગઢવી** (માંડવી)
**શ્રી શામજી નરશી દંડ** (સાંધવ-મુંબઈ)

**એવમ અન્ય માન્યવર અગ્રણીઓ**

**નિમંત્રક : શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ   જયેશ જૈન** (અધ્યક્ષ) ● **ગોવિંદજી પટેલ** (ઉપાધ્યક્ષ)

।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।। ।। શ્રી ગણેશાય નમો નમઃ ।। ।। શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમો નમઃ ।।

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ – મુંબઈ

આયોજીત

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિનો સમુહ લગ્નોત્સવ - ૨૦૧૨

મુખ્ય સહયોગી શણગાર : **માતુશ્રી નવલબેન નવીનચંદ્ર ઘરમશી પરિવાર (સુથરી) પુના-માટુંગા**

### ~ સહયોગી શણગાર ~

**શ્રી શાંતિલાલ કુંવરજી મોમાયા (પટેલ)** (વરાડીયા-ભાંડુપ) ★ **એક સદગૃહસ્થ પરિવાર** (મુલુંડ-મુંબઈ)

### ~ સહાયક શણગાર ~

**શ્રી જગદીશ કાનજી ઘરમશી** (તેરા-ઘાટકોપર) D.M. Diamond ★**માતુશ્રી દેકાંબાઈ દેવજી નાગડા હ.પ્રફુલ** (રાપરગઢ-ભાંડુપ)

માતુશ્રી દેવકાંબાઈ નેણશી ઘરમશી (કોઠારા-મુલુંડ)P.P.Oil Pvt. Ltd. ★**માતુશ્રી ભચીબાઈ ધનજી દંડ** (પરજાઉ-અમદાવાદ)

### ~ સત્કાર સમારંભ અતિથિ વિશેષ ~

**શ્રી ચાંપશી માણેકજી લોડાયા** (સાંધવ-ઘાટકોપર) ★ **શ્રી જયંત ભવાનજી સોની** (સુથરી-જુહુ)

**શ્રી નયન અશોક ભેદા** (વારાપધ્ધર-મુલુંડ) ★ **શ્રી સંજય નવીનચંદ્ર ઘરમશી** (સુથરી-પુના)

**શ્રી ચિમનલાલ દામજી મોમાયા** (બારોઈ-સેંઘવા)

### ~ વિશિષ્ટ સન્માન ~

**શ્રી પ્રબોધ હિરાચંદ મુનવર** (કોઠારા-ભુજ) ★ **શ્રી ચંદ્રેશ વિરચંદ છેડા** (સુજાપર-રાયપુર)

**શ્રી તેજપાલ ધારશી નાગડા કવિ તેજ** (નલિયા-ગાંધીધામ) ★ **શ્રી શામજી નરશી દંડ** (સાંધવ-મુલુંડ)

### ~ કન્યાદાનના મુખ્ય દાતાઓ ~

**શ્રીમતી સીમાબેન લબ્ધીકુમાર મોમાયા** (મોટીસિંધોડી-ગાંધીધામ) **(શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી)**

**માતુશ્રી કુંવરબાઈ ભવાનજી સોની પરિવાર** (સુથરી-જુહુ) **હ. જયંતભાઈ સોની (જોય ગ્રુપ-મુંબઈ)**

## ભાવભર્યું નિમંત્રણ

**સ્નેહી સર્વે જ્ઞાતિજનો,**

પરમાત્માની કૃપાએ, વડિલોના અનુગ્રહે અને જ્ઞાતિજનોની ઉદારતાએ પ્રિત, પિયુ ને પાનેતરના ત્રિવેણી સંગમનો પ્રયાગ રચાયો છે. ત્યારે **૨૧-૨૧** આત્માઓ સંસારની વેદિકા પર ઐક્યતાના અનાહત નાદ ગજવશે. અબીલ-ગુલાલની ગુલછડી ઉડશે... સાજન-માજન માંડવે ભેગા થશે ત્યારે સમગ્ર જ્ઞાતિજનો-મહાનુભાવો શુભ આશિષ આપી મંગલ પ્રસંગના સાક્ષી બનશે.

આવો, **આદિપુર**નાં આંગણે... સવંત ૨૦૬૯ કારતક વદ ૧૧, રવિવાર **તા.૯-૧૨-૨૦૧૨**ના હર્ષ અને હેતના તોરણ બાંધી આ અનેરા **સમુહ લગ્નોત્સવ** પ્રસંગે આપશ્રી સૌ ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનો તથા આમંત્રિત મહેમાનોને **ભાવભર્યું નિમંત્રણ** છે.



### ~ પરિણયનું પ્રાંગણ ~

**લબ્ધિનિધાન વાટિકા, લિલાશા કુટીયા, આદિપુર (કચ્છ)**



### -: માંગલિક પ્રસંગો :-

**તા.૮-૧૨-૨૦૧૨ શનિવાર**

| | |
|---|---|
| સવારે ૭.૦૦ ક. | પધારેલા જાનૈયા-માનૈયાઓનું સ્વાગત |
| સવારે ૭.૦૧ ક. | શ્રી ઋષિ મંડલ મહાપૂજન |
| સવારે ૧૧.૦૦ ક. | પ્રિતીભોજન |
| બપોરે ૨.૦૦ ક. | શ્રી મહાકાળી માતાજીની ભાવના |
| સાંજે ૫.૩૦ ક. | સ્વરૂચી ભોજન |
| રાતના ૮.૦૦ ક. | કચ્છ-કાઠીયાવાડના પ્રખ્યાત ગાયક કલાકારો અને ઓકેસ્ટ્રાના સંગાથે દાંડીયા રાસ |

**તા.૯-૧૨-૨૦૧૨ રવિવાર**

| | |
|---|---|
| સવારે ૭.૩૦ ક. | "કન્યાદાન એ મહાદાન"પ્રદર્શનનું ઉદ્ઘાટન |
| સવારે ૯.૦૦ ક. | વરરાજાઓનો વરઘોડો |
| સવારે ૯.૩૫ ક. | જાનૈયાઓનું માંડવે સ્વાગત |
| સવારે ૧૦.૧૫ ક. | હસ્તમેળાપ અને લગ્નવિધિ |
| સવારે ૧૧.૩૦ ક. | મનભાવતા ભોજનીયા |
| બપોરે ૧૨.૪૫ ક. | સત્કાર અને અભિવાદન સમારોહ |
| બપોરે ૩.૩૦ ક. | વિદાયની વ્હાલપભરી પળ... |



-: નિમંત્રક :-

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ

**જયેશ જૈન** (અધ્યક્ષ) **ગોવિંદજી પટેલ** (ઉપાધ્યક્ષ)



શ્રી જય શંખેશ્વર...જય ચિંતામણી....શ્રી જય આદીશ્વર...

રાષ્ટ્રસંત,અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સાના શતાબ્દિ વર્ષે

અનેક નૃપપ્રતિબોધક પૂજ્ય દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા.ના વરદહસ્તે પ્રતિષ્ઠિત

શ્રી ભૂજ અચલગચ્છ જૈન સંઘના આંગણે બિરાજિત

૪૦૦ વર્ષ પ્રાચીન શ્રી ચિંતામણી પાર્શ્વનાથના દરબારેથી

કચ્છના પાટનગર ભુજશહેર થી

સંઘપ્રયાણ: પોષ સુદ-૧૧ મંગળવાર તા.૨૨-૦૧-૨૦૧૩

સંઘમાળ: પોષ વદ-૧૩ શુક્રવાર તા.૦૮-૦૨-૨૦૧૩

# શ્રી શંખેશ્વરતીર્થના છ'રિપાલક યાત્રા સંઘમાં જોડાવવા

# યાત્રિક પ્રવેશ પત્ર

દિવ્યકૃપાદાતા:-શ્રી બહુંતેર જિનાલય મહાતીર્થ પ્રણેતા,ભારતદિવાકર,અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા

પ્રેરણા-નિશ્રા:-શ્રી બહુંતેર જિનાલય મહાતીર્થ પ્રતિષ્ઠાપક, તપસ્વીરત્ન,અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા

ફોર્મ પરત મોકલવાનું સ્થળ:-

| | | | | |
|---|---|---|---|---|
| C/O બહુંતેર જિનાલય તીર્થ<br>મુ.પો.તલવાણા<br>તા.માંડવી(કચ્છ)<br>પીન નં-૩૭૦૪૬૫ | C/O ચિંતામણી પાર્શ્વનાથ<br>જૈન દેરાસર પેઢી,<br>વાણીયાવાડ મોટા ડેલામાં,<br>ભૂજ (કચ્છ) | છ'રિપાલક સંઘ સમિતિ | C/O અનંત સમર્પણ<br>અનંતછાયા ૯૦ ફીટ રોડ<br>આર.બી.મહેતા માર્ગ<br>ઘાટકોપર (ઈસ્ટ)મું.૭૭ | C/O શ્રી વાસુપૂજ્યસ્વામી જૈન દેરાસર<br>૫૪-૫૫,ઝવેર રોડ,<br>મુલુન્ડ (વેસ્ટ)<br>મુંબઈ નં-૪૦૦૦૮૦ |

યાત્રિકનું પુરું નામ:-..........................................................................................

વય:-..........................................................ગામ:-..........................................................

પિતા/પતિનું નામ:-..........................................................................................

હાલના રહેઠાણનું પુરું સરનામું :-..........................................................................

..........................................................................................................

..........................................................................................................

પીનકોડ નં:-..........................................ફોન નં :-..........................................

મોબાઈલ નં:-..........................................,..........................................,..........................................

અગાઉ છ'રિપાલક સંઘમાં જોડાયા હતા ?. હા /ના

હાલ કોઈ બિમારી છે ?..........................................................................................

હાલમાં કોઈ તપશ્ચર્યા ચાલુ છે ?..........................................................................

મે આ ફોર્મ સાથેના છ'રિપાલક સંઘના નિયમો તેમજ અન્ય નિયમો-સૂચનો વાંચેલ છે.જે મને માન્ય છે.

મારી છ'રિપાલક સંઘમાં યાત્રા કરવાની અંતરથી ભાવના છે.

આપ મારું ફોર્મ મંજૂર કરી કર્મનિર્જરાની આરાધનારુપ છ'રિપાલક સંઘમાં જોડાવવાની મારી ભાવનાનો સહર્ષ સ્વીકાર કરશો એજ વિનંતી.

લિ.

..........................................

યાત્રિકનો ફોટો

-: સંપર્ક સૂત્ર :-

૦૯૩૨૪૨૮૯૨૦૮/ જયંતભાઈ વોરા
૦૯૦૯૯૨૨૧૧૯૯/ ચંદ્રકાંતભાઈ દેઢિયા
૦૭૫૬૭૦૮૫૬૮૫/ બીપીનભાઈ ગાલા

વાલી/ભલામણ કર્તાની સહી.

..........................................

સંઘપ્રયાણ: પોષ વદ-૧૩ શુક્રવાર તા.૦૮-૦૨-૨૦૧૩

શ્રી જય શંખેશ્વર...શ્રી જય આદીશ્વર...

## શ્રી શંખેશ્વરતીર્થ થી

## શ્રી શત્રુંજય મહાતીર્થના છ'રિપાલક યાત્રા સંઘ

સંઘમાળ: મહા વદ-૭ રવિવાર તા.૦૩-૦૩-૨૦૧૩

શ્રી શંખેશ્વર તીર્થ થી શ્રી શત્રુંજય મહાતીર્થના છ'રિ પાળતા સંઘમાં આપને જોડાવાની ભાવના હોય તો નીચેની વિગત ભરી શકો છો.

શ્રી શંખેશ્વર તીર્થ થી શ્રી શત્રુંજય મહાતીર્થના છ'રિ પાળતા સંઘમાં ચાલવાની ભાવના છે ?.........હા.....................ના...................

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતીપત્રક સમિતિ

વહીવટી કાર્યાલય : ૧લે માળે, પદમ ભુવન, નહેરૂ રોડ, મુલુન્ડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦
ફોન : 09920855259/09619343793, gmail: kdovasti@gmail.com

## જ્ઞાતિનું ૮મુ વસતીપત્રક

આદરણીય જ્ઞાતિજનો,

આપ સૌને દિવાળી પર્વ અને નૂતનવર્ષની હાર્દિક શુભકામનાઓ...

જ્ઞાતિના ૮મા વસતીપત્રકની તૈયારી પુરજોશમાં ચાલી રહી છે. ભારતભરમાં કૌટુંબિક માહિતના ફોર્મ વિતરણ થઈ ગયા અને તે ફોર્મસ ભરાઈને પાછા મુંબઈ-કાર્યાલયે આવી રહ્યા છે. ફોર્મ્સ સ્વીકારવાની છેલ્લી તારીખ હવે **૧૨-૧૧-૧૨** છે.

**સંપર્ક : શ્રી વિનોદ ધુલ્લા-09820122366, શ્રી રમેશ મોતા-09819655259**

**વસતિપત્રક on line website મુંબઈમાં ઉદ્‌ઘાટન શનિવાર તા.૨૬-૧-૧૩**
**ભરેલા ફોર્મ પાછા સ્વીકારવાની સુધારેલ નવી છેલ્લી તા. સોમવાર તા.૧૨-૧૧-૧૨**

રવિવાર તા.૪-૧૧-૧૨નાં મુંબઈમાં વ.પ.સમિતિની સભામાં ઉપરોક્ત નિર્ણયો લેવાયા હતાં. ઉપરાંત હજી અંદાજે ૪૦ થી ૪૫% ફોર્મ્સ પાછા ન આવવાથી દરેક એકમશ્રી / મહાજનશ્રી / પ્રતિનિધિઓ તથા સર્વે જ્ઞાતિજનોને ખાસ અપીલ કરવામાં આવે છે કે, ૮મા વસતિપત્રકનાં આપશ્રીનાં ભરેલા ફોર્મ્સ તુરંત મોકલાવશોજી. દરેક જ્ઞાતિજનને પોતાની ફરજ સમજી આ કામને પ્રાથમિકતા આપવાની છે. છતાં પણ વસતિપત્રક સમિતિને સમયસર ફોર્મ્સ નહીં મળે તો **૭મા વસતિપત્રકની ઉપલબ્ધ માહિતીના આધારે** વેબસાઈટ પર મૂકવામાં આવશે. જેની જવાબદારી તે-તે જ્ઞાતિજનોની રહેશે.

આ ઉપરાંત **સૌજન્યપટ્ટી અને અન્ય જાહેરાતો** માટે પણ પહેલો તે વહેલોના ધોરણે આપશ્રીનાં પ્રત્યુતરની અપેક્ષા છે. અગાઉ અપાયેલ જાહેરાત મુજબ મુખ્ય કવર પેજની **ડીઝાઈન હરીફાઈ** અને જ્ઞાતિના વસતીપત્રક પ્રીંટીંગને યોગ્ય પ્રીટીંગ પ્રેસની સગવડતાવાળા જ્ઞાતિજનોની માહિતી માટે પણ અપીલ કરવામાં આવેલ છે.

**૮મા વસતીપત્રકના ફોર્મ્સની અદ્યાવત માહિતી**


| Area | Res. Locations | Forms Sent | Forms Balance |
|---|---|---|---|
| Mumabi | 83 | 2417 | 942 |
| Thane Dist. | 31 | 1609 | 800 |
| Navi Mumbai | 15 | 156 | 96 |
| Maharasthra | 76 | 854 | 198 |
| Goa | 6 | 11 | 2 |
| Madhya pradesh | 21 | 223 | 145 |
| Chhatisgadh | 4 | 74 | 74 |
| Gujarat | 69 | 662 | 336 |
| Kutch | 66 | 649 | 264 |
| Halar | 6 | 77 | 24 |
| Andhra Pradesh | 12 | 209 | 201 |
| Karnataka | 23 | 421 | 61 |
| Tamilnadu | 8 | 117 | 23 |
| Kerala | 8 | 173 | 142 |
| Pondichery | 1 | 8 | 0 |
| North Zone (Delhi, Harayana, Rajasthan, Uttar Pradesh, West Bengal) etc. | 19 | 61 | 47 |
| Total | 448 | 7721 | 3355 |

## ભુલો ભલે બીજું બધું, મા-બાપને ભુલશો નહિં,
## અગણિત છે ઉપકાર એમના, એ કદિ વિસરશો નહિં...

# શ્રધ્ધાંજલિનાં સુમન



**સ્વ. માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા**
**(વરાડીયા)**
દેહવિલય : તા.૭-૧૧-૧૯૯૨



**સ્વ. પિતાશ્રી હંસરાજ પરબત ડાઘા**
**(વરાડીયા)**
દેહવિલય : તા.૨૦-૯-૧૯૯૭

ભલે આજ આપ સદેહે અમારા પરિવારજનોની વચ્ચે હાજર નથી છતાં અમારા સૌના હૈયામાં ડગલે ને પગલે આપની ઉપસ્થિતિની અલૌકિક અનૂભુતિ થાય છે. આપના અગોચર આશીર્વાદ અમારા સૌ પરિવારજનો પર સદાય વરસતા જ રહે છે. અમારા સૌના પ્રત્યે આપની લાગણી તથા સ્નેહની હૂંફ અવિસ્મરણીય છે. અમો આપને શ્રધ્ધાંજલિના સુમન અર્પણ કરીએ છીએ....

લિ.

## આપનો સમસ્ત ડાઘા પરિવાર

~ પ્રકાશન સૌજન્ય ~

## એચ.પી. ડાઘા શીપીંગ એન્ડ લોજીસ્ટીક કું.
## અંબા શીપીંગ એજન્સીઝ

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાયડીંગ રોડ,
મસ્જીદબંદર, મુંબઈ - ૪૦૦૦૦૯

## ઝુકી તો જ્વાયને !

### કેન્દ્રીય ફેમીલી પેન્શનનું ટેન્શન

હું હીરાવંતી મણીલાલ લોડાયા (આરીખાણા-ધુલીયા) કેન્દ્ર સરકારની ફેમીલી પેન્શનર છું. મારા પતિ શ્રી મણીલાલ ભવાનજી લોડાયા (IRS)નું તા.૨૮-૬-૨૦૦૨ના ભાંડુપમાં અરીહંત બેંકમાં હાર્ટ એટેકથી મૃત્યુ થયું.

સેન્ટ્રલ ગવર્મેન્ટના કાયદા પ્રમાણે મારું જુલાઈ ૨૦૦૨થી ફેમીલી પેન્શન શરૂ થયું. નવેમ્બરમાં કાયદા પ્રમાણે દર વખતે હયાતીનું (Live) સર્ટીફીકેટ આપું છું. પણ અચાનક ડીસેમ્બર ૨૦૧૦થી પેન્શનની રકમમાં અડધાથી વધારે કપાત થઈ જતાં મને દુઃખદ આશ્ચર્ય થયું અને હું બહુજ અપસેટ થઈ પરંતુ ડુબતાને જેમ તરણું મળે તેમ મને પણ એક દિવસ મુંબઈ સમાચારમાં દર શનીવારની કોલમ "જન જાગે તો જ સવાર" વાંચીને મુંબઈ ફોર્ટ ઓફીસમાં સૌ. પુષ્પાબેન શાહ (KVO) સાથે ફોન પર વાત થઈ. પુષ્પાબેને બહુજ ધ્યાનથી મારી વાત સાંભળીને મને આશ્વાસન આપ્યું કે આપનું કામ થઈ જશે.

એ સંબંધી બધાજ પેપર્સ મારી પાસે હતા. એમના માર્ગદર્શન મુજબ ધુલીયાના કાર્યકરો ચિ. ્મીત સોની તથા ચિ. હર્ષદે પત્રવ્યવહાર દ્વારા એ અંગે લડવાનું ચાલુ કર્યું. જુન ૨૦૧૨માં પહેલા અરજી પોસ્ટલ ઓર્ડર સાથે ગઈ તેનો કોઈ જવાબ નહી મળતાં ફરી મહિના બાદ જુલાઈમાં બીજો અરજી પત્ર મોકલ્યો. ત્યાં તો સપ્ટેમ્બરમાં અચાનક સેન્ટ્રલ બેંકનો ફોન આવ્યો. તમે આવીને પેન્શન ખાતામાંથી તમારું રીફંડ થઈ જાઓ. છેલ્લા એકવીસ મહિનાથી રખડતું કામ માત્ર બે નોટીસમાં અને બે મહિનામાં જ સફળ પાર પડયું.

ખરેખર, આ કામ નિસ્વાર્થ ભાવથી પુષ્પાબેનના સેવા સહયોગ વગર પાર ન પડયું હોત. આ કામ માટે તેઓ ખરા ધન્યવાદને પાત્ર છે. હું ધુલીયામાં રહું અને પુષ્પાબેન ફોર્ટ-મુંબઈમાં કામ કરે પણ ફક્ત ફોન દ્વારા જ અમે મળી શક્યા. છતાં ઘણીજ સુઝબુઝથી મારા જેવી વિધવા બહેનને મદદ કરી. ખરેખર આને કહેવાય સાચી માનવ સેવા. સર્વે મદદકર્તાઓની અનુમોદના.

એમના નિસ્વાર્થ સેવા ભાવ માટે ઝુકી તો જવાયને!

*- હીરાવંતી મણીલાલ લોડાયા (ધુલીયા)*


**ખત્રી કલેક્શન** (કોડાયવાલા)

શોપ નં.૩, નવીનમંજુ, એસ.એલ.રોડ અને ઝવેર રોડ જંક્શન, મુલુન્ડ (વે). ફોન ૨૫૬૮ ૦૫૧૨

**બાંધણી સાડી - ઘરચોળા ફક્ત કોડાયનાં. કચ્છ જવાનું થાય તો કોડાય જરૂર જજો**

**ઘરચોળા માટે સર્વશ્રેષ્ઠ સ્થળ**

**બાંધણી - ઇટાલીયન - ગજી**
**રીયલ ઘરચોળા - ડ્રેસ મટેરીયલમાં**
**અસંખ્ય વેરાયટી માટે ભરોસાપાત્ર સ્થળ**

**Mob. : 9821371416**


॥ શ્રી ગણેશાય નમઃ ॥

શ્રી સચ્ચાઈ માતાય નમઃ   શ્રી ભલારાદાદાય નમઃ

**શ્રી મોટીખાવડી** મુકામે દેવસ્થાનને નમતા **લોડાયા પરિવાર**ના સર્વે ભાવિકોને જય માતાજી જય જિનેન્દ્ર,

સહર્ષ ખુશાલી સાથે જણાવવાનું કે આપણાં લોડાયા પરિવારની જનરલ સભા **રવિવારને તા.૨૫-૧૧-૨૦૧૨**ના સમય ૩ થી ૫ કલાકે નીચેના સ્થળે રાખેલ છે. તો દરેક ભાવિકોને સમયસર હાજર રહેવા નમ્ર વિનંતી છે.

પંચવર્ષીય ધજા-મહોત્સવ બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવશે.

**: સ્થળ :**

વઝે સભાગૃહ, જયહિંદ કોલોની, ગુપ્તે ક્રોસ રોડ, ડોંબિવલી (વેસ્ટ)-૪૨૧૨૦૨

**: નિમંત્રક :**

લોડાયા પરિવારના જય જિનેન્દ્ર-જય માતાજી

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

**શુભેચ્છા... અનુમોદના... આભાર...**

## મુંબઈ સ્થાને શ્રી મહાકાલી દેવીના મહાપૂજને આવેલ સૌ ભાવિકોને વંદન.

જાગતી જ્યોત અચલગચ્છના દેવીશ્રી મહાકાલી માતાજીના ૨૧-૧૦-૧૨ના ભક્તિ ઉત્સવ વરસમાં એક વખત આપ બધાના સહિયારા સાથ સહકારે પોતાનો પ્રસંગ જાણી માના દર્શન ઉત્સવે ખાસ બહારગામથી પધારતાં ભાવિકો, મુંબઈના પરાઓની વિવિધ સંસ્થાઓ, મહાજનો, મંડળો, એકમો, મહિલા મંડળો, મુંબઈ મહાજન અને અનંતનાથ ટ્રસ્ટ સાથે ઘણાં ગામોનાં અને સમાજોનાં પદાધિકારીઓ, ભાવિકો, ગુરૂભક્તો આપના વ્યસ્ત કાર્યક્રમમાંથી સમય આપી માના દર્શન-વંદન-પૂજન, પ્રસાદ માટે પધારી ઉત્સવને મહા ઉત્સવ આપની હાજરીથી થવા પામેલ. આપ સૌ પધારેલા મોંઘેરા મહેમાનોની ખુબ ખૂબ અનુમોદના.... આભાર... શુભેચ્છા...

માની મૂર્તિને સુંદર રજત મંદિરમાં બિરાજમાન કરાવવા ઉદારતાથી વપરાશ માટે આપેલ મંદિર માટે શ્રી અનંતનાથજીની ટ્રસ્ટના ટ્રસ્ટીઓની ઉદારતા માટે ખુબ ખૂબ આભાર.

ભક્તિના રંગમાં મન મુકીને માના ગીતોની રસલ્હાણ આપતા લોકગાયક શ્રી કિશોર મનરાજા અને **શ્રી હંસકુમાર મૈશેરી અને કલાકારો**, માર્ગદર્શક-સુત્ર સંચાલક : **શ્રી મુકેશ મૈશેરી** (મુલુન્ડ) વગેરે સૌની ખૂબ ખૂબ શુભ મંગલકામના.

ઘાટકોપર ચાતુર્માસે રહેલ પૂ.સા.શ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા.આ.ઠા. પધારી માંગલીક અને આશિર્વચન આપેલ તે માટે કોટી કોટી વંદના.. મા ઉત્સવને હંમેશા પ્રોત્સાહિત કરતા તપસ્વીરત્ન ગચ્છાધિપતિ પૂ.આ.શ્રી ગુણોદયસાગરસૂરિજી મ.સા.આ.ઠા. મુનિશ્રી દેવરત્નસાગરજી મ.સા.. પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.. આદિ ગુરૂભગવંતો, દેવ-દેવી ઉપાસકો, જેમના શુભ આશીર્વાદ, હાજરી, માંગલીક માર્ગદર્શન મલતા રહે છે. જે આ ઉત્સવની સફળતા છે. પૂજન બાદ દર્શન.. સાધર્મિકભક્તિ રહેલ.. જેનો અપભ્રૃશ શબ્દ વ્યવહારમાં **પહેડી** એટલે જમણ પ્રસાદ જે જયણાપુર્વક અને જૈન રીતથી ભોજન રખાય છે. છેલ્લા ઘણાં વરસથી એક યા બે દાતા સૌજન્યથી ઉત્સવ ઉજવાય છે. તેથી જમણ મંડપ વિ. તેઓજ વ્યવસ્થા ગોઠવે છે. અંદાજીત ખર્ચમાં સંગીત, પ્રસાદી, પગરખા સંભાળ વિ. વ્યવસ્થામાં ખર્ચ વધતા તે ભાવિકો તરફથી આવેલ દાનપત્રથી થાય છે. દાતાઓ અને અન્યનું સન્માન જે તે મંદિર તરફથી થાય છે. ફોટા-યંત્ર-સીડી વિ. તે રીતે માતાજીના ગીતોની બુક્સ વગેરે ભેટ અપાય છે.

૧૭ વરસથી ખૂબજ ભાવથી ધીરજ-શ્રધ્ધાથી સ્વયં શિસ્તબધ્ધ લાઈનમાં રહી દર્શન અને જે ભાવ દર્શાવો છો. પ્રસંગની આન બાન શાન આપ થકી ઉજજવળ છે. આપ સૌ ભાવિકોને અભિનંદન... આભાર... ૪૧૫૦ જણાંએ દર્શન કરેલ ભાવિકોની શાંતિ-શિસ્ત માટે ઝુકી તો જવાય ને! એ દિવસે ૧૪૧ રસીદથી દાન આવેલ તે સૌની અનુમોદના. એક સર્વસાધારણ તીથી,ચાર અખંડજ્યોત તીથી આવેલ છે. સૌને શુભેચ્છા !

મનભાવતા ભોજન માટે **ક્લાસીક કેટરર્સ** કાયમી સંભારણા રૂપે ફોટા-વીડીઓ માટે **શ્રી દિલીપ નાગડા-જિતેન નાગડા** અને તેમનો સ્ટાફ, પ્રસાદી માટે **વિનોદ મસાલા** (નવી મુંબઈ), થેલી માટે **શ્રી દેવેન્દ્ર ધરમશી** (મુલુન્ડ) વેગેરે સૌના આભારી છીએ.

૧૮મું વરસ આસોસુદ ૨ રવિવાર તા.૬-૧૦-૧૩ના ઉજવાશે. સાથે દાતાપરિવાર **માતુશ્રી ચંપાબાઈ હંસરાજ ડાઘા હ. હીરાલાલ ડાઘા-અંબા શીપીંગ એજન્સી (મુંબઈ) પરિવાર** ઉદાર લાભ માટે જય મહાકાલીના નાદથી ગજવી દીધેલ. સ્ટેજપર ૧૮ના દાતા પરિવારનું સન્માન **શ્રી પ્રતાપ લોડાયા અ.સૌ. રશ્મિબેન, શ્રી ખીરેન્દ્ર લોડાયા, અ.સૌ. ઉષાબેને** સાફા, શાલ, શ્રીફળથી **શ્રી હીરાલાલ ડાઘા** પરિવારનું સન્માન કરેલ.

વિવિધ તૈયારી માટે શ્રી અનંતનાથ ટ્રસ્ટ અને તેનો સ્ટાફ, શ્રી પ્રફુલ નાગડા બે દિવસ શનિ-રવિ.. માતાજી મૂર્તિ-પૂજાપા લાવવા-લઈ જવા, હંમેશા સેવા આપવા શ્રી રહેમત ચાચાનો આભાર. પંકજ ખોના, દીપક લોડાયા આરતી શણગાર કુ. ઈશ્વરી, કુ. જયા અને અ.સૌ.. રાજશ્રીબેને જહેમત લીધેલ.


પ્રિન્ટીંગ પત્રિકા માટે લકી પ્રેસ, બેનર માટે શ્રી ભાવેશ લોડાયા, દાનપત્ર, રસોડા સ્ટેજ માટે સ્વયંસેવકો વગેરે નામી-અનામી પોતાના પ્રસંગ જાણી સ્વયં વધાવતા સૌના સહયોગ માટે ખૂબ ખૂબ શુભેચ્છા, અનુમોદના, સન્માન કે કોઈની સેવા આવકારમાં કોઈનું નામ રહી ગયેલ હોય તો સૌને **મિચ્છામિદુક્કડમ્**

સભાગૃહ, સ્કૂલ, તેના રૂમ, હોલ આદિ વરાશની રજા માટે પરમ સ્નેહી શ્રી ચંદ્રકાંતભાઈ શાહ વગેરે ટ્રસ્ટબોર્ડનો આભાર.

માના પૂજન ઉત્સવમાં આપ સૌનો ફાળો સદાય છે રહેશે.. આપ થકી આવા ઉત્સવ જાહેરમાં થઈ શકે છે. તે માટે દાદા અનંતનાથ, મા.. મહાકાલી અને શ્રીપૂજની ગાદીની અસીમ કૃપા માટે તેઓને કોટી કોટી વંદના.. હજારોની સંખ્યામાં પધારતા ભાવિકો આપની હાજરી એજ પ્રસંગની સફળતા.. એજ માની કૃપાનું ફળ છે. આપને માના સદાય આશીષ વરસો એજ મંગલ કામના...

**યતિ મોતીસાગરજી શ્રીજી મહારાજ**, ૧૭ વરસના દાતા **શ્રી હેમેન્દ્ર વિસનજી પરિવાર શ્રી સેજસ શાતિલાલ** પરિવાર અને આયોજકો સૌના વતી **વંદના, ક્ષમાપના અને આભાર.** જય જય અનંતનાથજી.

Since 1984...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

• રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી
ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા લેવામાં આવશે.
**Mob.: 7666688881**
ગુરૂવાર બંધ

## હાઇકુ

અનીતિ-લક્ષ્મી
આડા નાખશે પગ
ત્યારે ભાગશે

----o----

બુરું ચિંતન
શીખવે ઉંધા પાઠ...
ન કરવાના

----o----

દુર્જન મિત્ર
સત્સંગ તોડાવે
ડૂબાવે મૈત્રી

બુધ્ધિ કુબુધ્ધિ
અટપટ્ટી અવળી
કરો સવળી

----o----

હિતવર્ધક
વાણી સરવૈયું છે...
મોક્ષે જવાનું

----o----

ગાઢ મિત્રતા
દુધ-સાકર જેવી!!
જુદી ન થાય

– ***દોલતસિંહ રતનસિંહ જાડેજા "છોટાલાલ"*** (નલીયા)

## કાવ્ય-પ્રકાશઃ કુત્તેંજી મજા

કુત્તેં તેં હેજાર,
કેડી ખબર કેં કે વતાઇંધા હેજ !
ઈ પંઢજી ઢબસેં વતાઈએંતા
માડુજી પુછા કરીએં નતા
ભાકી ભો કુત્તા વેંઢારીએં તા!

– ***ભદ્રીભાઈ પટેલ*** (સાંધાણ)

## શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ-મુંબઈ

સમસ્ત શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિને દીપાવલી અને નવા વર્ષના અભિનંદન અને શુભેચ્છાઓ...

***મોરને તેના પિચ્છ મુબારક***
***કોયલને તેનો કંઠ મુબારક***
***સૌને સૌના પ્રિય મુબારક***
***તમને અમારા "સાલ મુબારક"...***

વિદ્યાર્થીસંઘ તરફથી નવા વર્ષમાં આપ સૌના જીવનમાં નવી આશાઓ, નવોદયની પ્રગતિ અને સફળતાના શિખરો સર થતા રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ સાથે વિદ્યાર્થીસંઘ વતી કોટી કોટી શુભેચ્છાઓ અને આપ સર્વેના જીવન આનંદમય અને ઉત્સાહમય બની રહે તેવી શુભેચ્છા સાથે...

***Happy Diwali & Happy New Year***

**શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘની ટીમ**

## કચ્છી જૈન પંચાગ કેલેન્ડર

સં.૨૦૬૯નું અચલગચ્છ તિથી પ્રમાણે તીથી, તારીખ, વાર, નત્રક્ષ, વિછુડો, પંચાગ, ખાતમુર્હતો, વાસ્તુમુર્હુતો, શુભ દિવસો વિગેરે ૧૨ પાના, દરેક પાનાની પાછળ ઉપયોગી માહિતીસભર પંચાંગ કેલેન્ડર કિંમત રૂા.૩૦/-
સંપર્ક : શેઠીયા ટુર, ભાતબજાર, મુંબઈ ફોન-23743663
અંકિતા ટેક્સટાઈલ્સ હિંદમાતા-દાદર ફોન 24126947
લક્ષ્મી એપરલ્સ મલાડ (વે) ફોન 28822385
**કડલી**, ઝવેરરોડ, મુલુન્ડ (વે) ફોન 25649275
ઓડીયો રીધમ/શેઠીયા પ્રિન્ટર્સ, વીરા શોપીંગ સેન્ટર, સ્ટેશન સામે, ડોંબિવલી (વે) ફોનઃ 2861161, 9819723663

## તુરંત જોઈએ છે

બેંગલોર માટે કચ્છી ગુજરાતી વિશ્વાસુ બહેન (આધેડવયની આસપાસ) સાત મહિનાના બાળકને સંભાળવા તથા ઘરનાં કામકાજ માટે. આકર્ષક પગાર તથા રહેવા-જમવાની સગવડ મળશે.

**સંપર્ક : ફોન 09224568797/ 9820508301**

(રેફરન્સ આપવું જરૂરી)

## ઝુકી તો જવાય ને !

### વાહ સેવાભક્તિ...વડીલ વંદના

અમારા મોટી બા પૂ. માતુશ્રી પુરબાઈ વાલજી ધનજી મોતા (વાલકો ઈન્ક) જેઓ છેલ્લા ચાર વર્ષથી જીવન સંધ્યા-ગદગમાં રહેતા હતા. તા.૧૧-૧૦-૧૨ના મોડી રાતે તેઓ અચાનક માંદા પડતા, ત્યાંના કાર્યકર્તાઓએ તથા ટ્રસ્ટીઓએ એમને તુરંત દવાખાનામાં દાખલ કર્યા અને અમને તુરંતમાં જ જાણ કરી.

અમો તુરંત ગદગ પહોંચ્યા. ત્યાં અમારા બધાની તમામ વ્યવસ્થા (ખાવા-પીવા તથા રહેવાની) જીવન સંધ્યામાં કરી આપી. અમો દવાખાનામાં પુ.બાની સેવામાં હતા ત્યારે પણ સમય-સમય પર કાર્યકરો પૈકી કોઈ પણ એક જણ આવીને ત્યાં રોકાઈ અમારા રોજીંદા કાર્ય માટે અમને છુટા કરતા હતા.

ડોક્ટરની સલાહ મુજબ પુ.બાને દવાખાનામાંથી કોમાની અવસ્થામાં પણ પાછાં જીવનસંધ્યામાં રાખવાની ઉદાર પરવાનગી આપીને તથા અમને પણ ત્યાં રોકાઈને પુ. બાની સેવા કરવાનો અવસર આપ્યો એ ખુબ અનુમોદનીય વાત છે.

આ પહેલા પણ અમો જ્યારે જ્યારે પુ.બાને મળવા જતાં ત્યારે અમને સમયાનુસાર બધીજ સગવડ ત્યાં કરી આપતાં હતાં.

ધન્ય છે, જીવનસંધ્યાના સર્વે ટ્રસ્ટીઓ, કાર્યકર્તાઓ, અને સ્ટાફને. ગદગ મહાજનના કાર્યકરોનો આભાર જેમણે દવાખાનામાં તથા જીવનસંધ્યામાં દરેક વખતે દરેક કાર્યમાં સહયોગ આપ્યો અને સેવા કરી. અંત સમયે પુ.બાને ધર્મ પણ સંભળાવ્યું. ખરેખર, ધન્ય છે જીવનસંધ્યાના મોટી ઉમરના ટ્રસ્ટી શ્રી લાલજી માણેકજી (ઉમર ૮૬ વર્ષ) જેઓ આ જૈફ વયે પણ દરરોજ જીવનસંધ્યામાં સવાર-સાંજ આવીને બધાની વ્યક્તિગત મુલાકાત લઈ શાતા-પૃચ્છા કરે છે. કેટલી સુંદર કાળજી લેવાય છે. ધન્ય છે !


આ જ્ઞાતિદાઝની ભાવના અને વડીલ વંદના રૂપ આ જીવન સંધ્યાની સેવાભક્તિને... અનુમોદના...

- *હંસા શ્રીકાંત લોડાયા* (રાયચુર)
- *હંસા નિતીન જીવરાજ મોતા* (મુંબઈ)


**PARITA COLLECTION**

**Specialist in :**
**Jaipuri Cotton & Block Prints**

Masjidbunder, Mumbai. M.: 9869206525

પ્રથમ
પુણ્યતિથીએ
શબ્દાંજલી

| જન્મ | | દેવશરણ |
|---|---|---|
| તા. ૯.૪.૧૯૩૯ |  | તા. ૧૧.૧૧.૨૦૧૧ |
| (વારાપધર) | | (ભાંડુપ) |

## સ્વ. નવીનચંદ્ર કલ્યાણજી છેડા

કર્મના સથવારે તમે કર્યું પ્રયાણ,
**તારા**ના વિશ્વમાં.
થનગનતાં રહયાં **નવીન** કાર્યોમાં આપ,
ન થાક્યા કદીયે.
કર્મે બન્યા તમે સહુ હૈયાનાં હાર,
ન ભુલાશો કદીયે.
વૃક્ષમહિં આપનું ફૂલોમાં સ્થાન,
મહેકતા રહયાં સદાયે.
વિત્યું વરસ લઈ લીધી વિદાય,
રહેશો સ્મૃતિપટમાં સદાયે
આખ્યુંમાં અશ્રુના અંજન અંજાય,
**વર્ષા** બની છલકાય હજીએ.
સાચી શબ્દાંજલી સ્વજનોની આપને,
હદયે રહેશો ઊંચા સદાયે.
કર્મના સથવારે તમે કર્યું પ્રયાણ,
ઝગમગતા તેજોમય **તારા**નાં વિશ્વમાં.

**: શોકાતુર :**

**પુત્રવધુ - પુત્ર : સૌ. વર્ષા જયેશ છેડા,**
**સૌ. દેવિકા વિજય છેડા.**
**પૌત્ર - પૌત્રી : જય, ચાર્વિ.**

**પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન** — સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### સમસ્ત મહાજનની સર્વ સંસ્થાકીય સંયુક્ત બેઠક

સમસ્ત મહાજનના ઉપક્રમે શનિ તા.૨૬-૧-૧૩ (જાહેર રજા)ના બપોરે ૨ વાગે જ્ઞાતિના સર્વે મહાજનો, ટ્રસ્ટો, સંસ્થાઓના પદાધિકારીઓ/પ્રતિનિધિઓની સંયુક્ત બેઠક અને રવિવાર તા.૨૭-૧-૧૩ના સવારે ૧૦ વાગે સમસ્ત મહાજનની ટ્રસ્ટબોર્ડ અને મહાસમિતિની બેઠક મુંબઈમાં યોજાશે. સર્વે સભ્યોને આ મહત્વની બેઠકોમાં સહભાગી થવા આમંત્રણ છે. આ બાબતે વિગતવાર માહિતી જાહેરાત દ્વારા કરાશે અને આમંત્રણ મોકલવામાં આવશે. આ બન્ને દિવસ અન્ય કાર્યક્રમમાં મુંબઈ મહાજન આયોજીત "ટ્રેડ ફેર" કાર્યક્રમ છે અને વસતીપત્રક સમિતિ દ્વારા નવી વેબસાઇટનું ઉદ્‌ઘાટન છે.

આ જ્ઞાતિ કાર્યક્રમોમાં વધુમાં વધુ સંખ્યામાં સહભાગી થવા દરેક કાર્યકરે મુંબઈ પધારવા આગોતરી પ્રવાસ વ્યવસ્થા ગોઠવી લેવા વિનંતી કરાઈ છે.

### સમસ્ત મહાજન દ્વારા થાણામાં જનસંપર્ક સભા

સમસ્ત જ્ઞાતિ મહાજનના ઉપક્રમે જ્ઞાતિ જનજાગરણ-સંપર્ક અભિયાન અંતર્ગત છેલ્લા ચરણમાં મુંબઈમાં મુંબઈ મહાજનના આંગણે વિવિધ સ્થળે જનસંપર્ક સભાઓ ગોઠવી જ્ઞાતિના સામુહિક પ્રશ્નોની ચર્ચા કરી અને જ્ઞાતિ પ્રગતિના સુચનો લેવાઈ રહ્યા છે.

અભયાનની એક વધુ સભા થાણા ક.દ.ઓ. સંઘના સંપુર્ણ સહયોગે થાણામાં અચલગચ્છ-ચંદ્રપ્રભુ જિનાલયે રવિવાર તા.૪-૧૧-૧૨નાં સાંજે ચાર વાગે મળેલ. જેમાં થાણા, ઘોડબંદર અને કલવા આદિ વિસ્તારના જ્ઞાતિજનો સહભાગી થયા હતા.

સમસ્ત મહાજન અને મુંબઈ મહાજનના પ્રતિનિધિઓએ સભાને સંબોધી, જ્ઞાતિના સમુહ પ્રશ્નો સેક્રેટરી જનરલ શ્રી ચીમન મોતાએ સમસ્ત મહાજનના ઉદ્‌ભવ, બંધારણીય માળખા અને કાર્ય અહેવાલ રાખી આછી રૂપરેખા રજુ કરી. સભાના પ્રમુખસ્થાને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા હતા. થાણા સંઘવતીથી આમંત્રિતોનું બહુમાન કરાયેલ. કાર્યક્રમ સૂત્ર સંચાલન અને સંઘ વતી આભારદર્શન શ્રી દિલીપ દંડે કરેલ. સમસ્ત મહાજન વતી ચંપક જીવાણીએ આભારદર્શન કરેલ. છેલ્લે ચંદ્રપ્રભુસ્વામીની જય બોલાવી સભા પુરી થઈ. થાણા સંઘે ચૌવિહાર સમય જાળવી ચા-પાણી અલ્પાહારની વ્યવસ્થા ગોઠવી હતી.


સમસ્ત મહાજનની સમિતિ દ્વારા "અનંતછાયા" બાબતે સંબંધિત વિવિધ પક્ષો સાથે રચનાત્મકપણે ચર્ચાવિચારણા કરી તેમના વિચારો/મંતવ્ય જાણવાની પ્રક્રિયા ચાલુ છે.

### મુંબઈ મહાજન દ્વારા અનંતનાથ પુજન અભિયાન

મુંબઈ મહાજનશ્રીના ઉપક્રમે અનંતનાથ જિનાલય-મસ્જીદબંદરે ચાર રવિવાર પુજા અભિયાન સફળતાથી સંપન્ન થયેલ. આ અભિયાનમાં જોડાયેલા ૧૫૦ જ્ઞાતિજનોનું શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર (સુથરી-વરલી) તરફથી તા.૪-૧૧-૧૨ના અનુમોદના કરી બહુમાન કરાયું હતું. આ સમારોહમાં સા.શ્રી સંયમગુણાશ્રીજીએ ચાર રવિવારીય પુજા અભિયાનનું મહત્વ સમજાવેલ. કાર્યક્રમ અંતે સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ.

### અનંતનાથ જિનાલયે અનંતનાથ મહાપુજન

પૂ.સા.શ્રી સંયગુણાશ્રીજી આ.ઠા.ની નિશ્રામાં દાતા સૌ. તરલાબેન મણીકાંત ધુલ્લા પરિવાર (જખૌ-મુલુન્ડ)ના સહયોગે રવિ. તા.૪-૧૧-૧૨નાં સવારે અનંતનાથ જિનાલયે મહાપુજન અનુષ્ઠાન યોજાયેલ. આ પ્રસંગે





નુતન વર્ષાભિનંદન !

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia),
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

૫૦૦થી વધુ જ્ઞાતિજનો પુજનમાં પધારી લાભ લીધેલ. પુજન વિધિ દરમ્યાન સંગીતકાર શ્રી ભરતભાઈ શાહ અને મંડળીએ ગીત-સંગીત દ્વારા રમઝટ જમાવી. શ્રી અનંતનાથદાદાના લીલા વર્ણના પ્રમાણે સર્વે પુજન સામગ્રી લીલા રંગમાં સજાવાઈ હતી. લાભાર્થી પરિવાર તરફથી સર્વેને બટવાની પ્રભાવના અને સાધર્મિકભક્તિ રાખવામાં આવેલ. આ પ્રસંગ માટે શ્રી રાજેશ છેડા, કિરીટ છેડા, કલ્પેશ મોમાયા, મધુરીબેન લોડાયા અને મસ્જીદબંદર સંઘના કાર્યકરોએ સારી જહેમત લીધી હતી.

### અનંતનાથ પ્રતિષ્ઠા મહોત્સવની ડી.વી.ડીનું વિમોચન

શ્રી અનંતનાથ જિનાલયે અનંતનાથ મહાપુજન પ્રસંગે રવિ. તા.૪-૧૧-૧નાં વર્ષ ૨૦૦૪માં જ્ઞાતિહૃદયના અનન્ય આસ્થાસ્થાન શ્રી અનંતનાથદાદાના પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ડી.વી.ડી.નું વિમોચન પૂ.સા.શ્રી સંયમગુણાશ્રીજી મ.સા.આ.ઠા.ની નિશ્રામાં મહાજન પ્રમુખશ્રી નયન ભેદા, શ્રી મણીકાંત હીરજી ઘુલ્લા, શ્રી રાયચંદ હંસરાજ ઘરમશી અને વિનોદ રાયચંદ ઘુલ્લાના હસ્તે વિધિવત કરાયું. એ ઐતિહાસિક પ્રસંગની વિવિધ તસ્વીરો-અહેવાલો અને વિવિધ સી.ડી. અને પ્રગટ સાહિત્યમાંથી તૈયાર કરી બે ડીવીડી સેટમાં સંકલિત કરાયું છે.

આ અમુલ્ય ડીવીડી સંગ્રહનું સેટ સંભારણું જ્ઞાતિનાં સર્વે મહાજનો, મુંબઈ મહાજનના પંચવર્ષીય દાતાઓ, ૨૪ જિનાલય દેરીઓના દાતાઓ, પ્રતિષ્ઠા મહોત્સવના દાતાઓ તથા જ્ઞાતિના અગ્રણીઓ અનંતનાથ ટ્રસ્ટ અને મહાજનના ભુતપુર્વ પદાધિકારીઓને મુંબઈ મહાજન દ્વારા મોકલવામાં આવશે. દરેક મહાજને સ્થાનિક અનુકુળ અવસરે, જ્ઞાતિના શ્રધ્ધાસ્થાન ૧૭૫ વર્ષ પ્રાચીન જિનાલય અને શેઠ નરશી નાથાની ગૌરવગાથાના ગુંજન સ્વરૂપ મહોત્સવનાં સંભારણા જ્ઞાતિજનોને દર્શાવવા અપીલ છે. જેથી પ્રત્યક્ષ-પરોક્ષપણે આવા ઐતિહાસિક અવસરની અનુમોદના થશે. અને પરમોપકારી દેવ-ગુરૂના દર્શનવંદનનો લાભ મળશે.

### બોરીવલીમાં સંસ્કાર શિબિર

બોરીવલી (વે) માં. જાબલી ગલી અચલગચ્છ સંઘમાં ૬થી ૧૨ વર્ષના બાળકો માટેની ધર્મસંસ્કાર શિબિર પૂ.સા.શ્રી અરૂણોદયશ્રીજી મ.સા.ની નિશ્રામાં તા.૧૦થી ૧૨ નવેંબર'૧૨ના બપોરે ૨.૩૦થી ૩.૩૦માં ત્રિદિવસીય જ્ઞાનવર્ધક શિબિરનું આયોજન છે.

### કચ્છથી શંખેશ્વર તીર્થ છ'રીપાલક સંઘ

પૂ.અચલગચ્છાધિપતિ આ. શ્રી ગુણોદયસાગરસુરીજી આ.ઠા.ની નિશ્રામાં ૭૨ જિનાલયથી ૨૨-૧-૧૩નાં પ્રસ્થાન કરી વર્ધમાનનગર (ભુજ), મીની શંખેશ્વર-મહુડીધામ સીટીસ્કેવેર ૨, ભચાઉ, વાગડ થઈ તા.૭-૨-૧૩નાં શંખેશ્વરતીર્થે પધારશે. તા.૮-૨-૧૩નાં સંઘમાળ કાર્યક્રમ છે. ત્યાંથી સંઘ વિહાર કરી શેત્રુંજ્યતીર્થ તરફ પ્રયાણ કરશે. અમદાવાદમાં નવનીત અચલગચ્છ ભવનના ઉદ્ઘાટન પ્રસંગે તા.૧૩-૧૪-૧૫/૨/૧૩ ત્રણ દિવસ રોકાણ રહેશે. બોલપ, પાલડી, વાસણા થઈ તા.૨/૩/૧૩ના પાલીતાણા પ્રવેશ થશે. ત્યાં ૩-૩-૧૩ના સંઘમાળ કાર્યક્રમ છે. પૂ.આ. ગુણસાગરસુરી જન્મ શતાબ્દિ વર્ષે આ છ'રીપાલિત સંઘમાં જોડાવવા ઇચ્છુકો અરજીપત્રક ભરી જોડાઈ શકશે. સંપર્ક : મુલુન્ડ વાસુપુજ્ય દેરાસર, અનંતછાયા જિનાલય-ઘાટકોપર તથા પૂ. સાધુ સાધ્વીજીઓ પાસેથી માર્ગદર્શન મેળવી શકાશે.

### શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ દ્વારા સમુહલગ્ન

ગ્રુપ દ્વારા આ વર્ષે સમુહ લગ્નોત્સવ-૨૦૧૨ રવિ. તા. ૯-૧૨-૧૨નાં કચ્છ-આદિપુરમાં લીલાશા કુટીયા ગ્રાઉન્ડમાં યોજાયા છે. આ સમારાહમાં ૨૧ નવયુગલ દાંપત્ય જીવનમાં પગલાં માંડશે. શનિ. તા.૮-૧૨-૧૨ના બહારથી પધારેલા સૌનું સ્વાગત, ઋષિમંડલ મહાપુજન, બપોરે જમણબાદ બે વાગે મહાકાળીની ભાવના રહેશે. રાત્રે ૮ વાગે સંગીત સુરાવલી સાથે ભવ્ય દાંડીયારાસ રહેશે.

રવિવારે સવારે "કન્યાદાન-મહાદાન" ભેટ સોગાદોનું પ્રદર્શન, ૯ વાગે વરઘોડો, ૧૦-૧૫ કલાકે હસ્તમેળાપ,

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર
મુલુંડ
પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

અમારા માનવંતા ગ્રાહક મિત્ર પરિવારોને દીપાવલી પર્વ અને નવલા વર્ષના હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ...!
*નવું વરસ... વીતે સરસ...*
*તન-મન પરિવાર*

SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

લગ્નવિધિ અને બપોરે ૧૨-૪૫ વાગે સત્કાર અને અભિવાદન સમારોહ, ત્યારબાદ ૩.૩૦ કન્યાવિદાય. આ સમુહલગ્નના મુખ્ય સહયોગી મા. નવલબેન નવીનચંદ્ર ધરમશી પરિવાર (સુથરી) અને સહયોગીઓ શ્રી શાંતિલાલ કુંવરજી પટેલ પરિવાર (વરાડીયા), એક સદ્દગૃહસ્થ પરિવાર (મુલુન્ડ) તથા સહાયક સહયોગીઓ શ્રી જગદીશ કાનજી ધરમશી (તેરા), મા. દેકાંબાઈ દેવજી નાગડા (રાપરગઢ) , મા. દેવકાંબાઈ નેણશી ધરમશી (કોઠારા) અને મા. ભચીબાઈ ધનજી દંડ (પરજાઉ) એ લાભ લીધેલ છે.

કન્યાદાનના મુખ્યદાતાઓ શ્રીમતિ સીમાબેન લબ્ધિકુમાર મોમાયા-ગાંધીધામ અને મા. કુંવરબાઈ ભવાનજી સોની પરિવાર (સુથરી-જહુ) હ. જયંતભાઈ સોની (જોય ગ્રુપ) એ લાભ લીધેલ છે. આ પ્રસંગે જ્ઞાતિના માન્યવર અગ્રણીઓ અતિથીવિશેષો તરીકે પધારશે અને વિશેષ સિધ્ધિઓ માટે બહુમાન થશે. ગ્રુપની ટીમ દર વર્ષે આ મહા સમુહલગ્ન મેળો યોજી પાયાનું સુંદર સામાજિક કાર્ય કરી રહ્યું છે.

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુન્ડ

મંડળ દ્વારા સતત ૪૬વર્ષથી આયોજીત શ્રી અચલગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની ભાવના તા.૨૫-૧૧-૧૨ના છે. જેનો લાભ શ્રી ટોકરશી દામજી ધરમશી પરિવાર (જશાપર)એ લીધેલ છે. ત્યારબાદ તા.૨૩-૧૨-૧૨ના છે. જેનો લાભ માતુશ્રી માનબાઈ દામજી ખીંયશી મૈશેરી પરિવાર (લાલા)એ લીધેલ છે.

## શ્રી અનંતનાથ સોસાયટી (કાંજુરમાર્ગ)

નવરાત્રિ દરમ્યાન દરરોજ બપોરે મહાકાલી માતાજીની ભાવના ભણાવવામાં આવેલ. આસો માસની શાશ્વતી આયંબીલની ઓળીના લાભાર્થી માતુશ્રી નિર્મળાબેન નવીનચંદ્ર લોડાયા પરિવાર (સાંધવ) તથા માતુશ્રી મણીબેન ઉમરશી લોડાયા પરિવાર (નલીયા) હતા. તપસ્વીઓએ બહોળી સંખ્યામાં લાભ લીધેલ. આયંબીલ ઓળીનું આયોજન અને તથા વ્યવસ્થા અનંતનાથજી મહિલા મંડળ-કાંજુરમાર્ગ એ સારી રીતે સંભાળેલ.

## શ્રી અંતરીક્ષજીની તીર્થ યાત્રા

શ્રી વડાલા સંઘમાં પૂ.સા.શ્રી ગુણમાલાશ્રીજી મ.સા. તથા પ્રશિષ્યા પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં શ્રી અંતરીક્ષજી અઠમતપ, અક્ષયનિધિ તપ તથા માસક્ષમણ તપ કરનાર તપસ્વીઓ અને સંઘના કાર્યકર્તાઓને ટ્રેન તેમજ કાર મારફત શ્રી અંતરીક્ષજી તેમજ અકોલાતીર્થની યાત્રા તા.૩-૧૦-૧૨ના કરાવવાનો લાભ ભાગ્યશાળી સૌ. મધુરી કિશોર વીકમશી પરિવાર (જખૌ)એ લીધેલ.

## શ્રી ઘાટકોપર-વિદ્યાવિહાર-ચેમ્બુર જૈન સંઘ

અનંતનાથ ટ્રસ્ટ, મુંબઈ મહાજન અને દાતા પરિવારોના સથવારે આયંબીલ ઓળી અનંતછાયામાં સુપેરે સંપન્ન થઈ. દરરોજ ૫૦-૫૫ જણ આયંબિલ સંઘમાં રસોડે થતા. ઓળીવાળા ૩૧ જણાં હતા. પ્રથમવાર સંઘ તરફથી ઓળી કરનારાઓને અત્તર પારણાં કરાવેલ. બકરી ઈદના જીવદયા નિમિતે ૧૦૦ જણાંએ આયંબિલ કરેલ. આ નવ દિવસ આયંબિલની ઓળીમાં લગભગ ૬૫૦ જેટલા આરાધકોએ આયંબિલ કર્યા.

## આદિપુર આવાસ યોજના-લોકાર્પણ સમારોહ

શ્રી અચલગચ્છ જૈન સંઘ-આદિપુરના ઉપક્રમે અંતરજાળ-મહાવીરનગરમાં નવનિર્મિત ૫૮ બ્લોકની "શ્રી ગુણોદય સાધર્મિક આવાસ યોજના." પૂ.સા.શ્રી મહોદયશ્રીજી મ.સા.આ.ઠા.ની પ્રેરણા-માર્ગદર્શને પુજ્યશ્રીના અમૃત મહોત્સવે અમૃત પ્રસાદી રૂપે મધ્યમવર્ગીઓ માટે આશિર્વાદરૂપ આ પાયાની સુવિધા ઉભી કરી મહામુલી સાધર્મિક ભકિતના નિમિત બન્યા. આ માટે પાયાના કાર્યકરો શ્રી આણંદજી પાશ્વીર મોતા (રાપરગઢ) અને શ્રી કલ્યાણજી શામજી મોમાયા (જખૌ)ની અનુમોદનીય જહેમતે, જ્ઞાતિના ઉદારદિલ અગ્રણી દાતાઓના સહયોગે પરિપુર્ણ થઈ છે અને આજની અસહ્ય મોંઘવારીમાં સાધર્મિક ભાવનાએ યથોચિત રાહત દરે સમાજના મધ્યમ અને નિમ્ન આવકવાળા ૫૭ પરિવારોને અર્પણ થઈ છે. દેવ-ગુરૂની કૃપાએ એક નાનકડા સંઘે નાના ભાઈઓ માટે


દીપાવલી અને નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ !

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

પ્રાથમિક જરૂરીયાતનું અનુપમ સાધર્મિક ભક્તિ આવાસનું સ્વપ્ન સાકાર કર્યું છે.

સોનામાં સુગંધરૂપે આ સંકુલ પરિસરમાં સાધર્મિકો માટે નાનકડું જિનાલય અને વિવિધલક્ષી આરાધના ખંડ નિર્માણ કરવા માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા પરિવાર (સાંઘવ) હ.સૌ. જયાબેન શાંતિલાલ લોડાયા દ્વારા સમાજ કલ્યાણાર્થે દેરાસર નિર્માણના મનોરથ સેવાયા છે. એ કાર્યનું શાસ્ત્રોક્ત ભૂમિપૂજન-ખનનવિધિ પૂજ્યશ્રીઓના માર્ગદર્શન-આશિર્વાદે પુર્ણ થયા છે અને જિનાલયનું નિર્માણકાર્ય પ્રગતિમાં છે.

આ જિનાલયની પ્રતિષ્ઠા તા.૧૩ થી ૧૭-૧-૧૩ના પંચાન્હિકા જિનેન્દ્રભક્તિ મહોત્સવ રૂપે ઉજવાશે. તા.૧૬-૧-૧૩નાં સવારે ૧૦ વાગે આ ઉપયોગી આવાસ સંકુલનું વિધિવત લોકાર્પણ સમારોહ યોજાશે જેમાં આ યોજનાના સહયોગી દાતાઓ અને કાર્યકરોનું અભિવાદન કરી અનુમોદન કરાશે. આ પ્રસંગે સમગ્ર જ્ઞાતિના અગ્રણીઓને સહભાગી થવા આમંત્રણ છે. વધુ વિગત માટે સંપર્ક ફોન (૦૨૮૩૬) ૨૬૨૧૮૦

## ૮મું જ્ઞાતિ વસતીપત્રક

૮માં જ્ઞાતિવસતીપત્રકના ભરેલા ફોર્મ મહાજનો/સંઘો સંસ્થાઓ અને કાર્યકરોના માધ્યમે મુંબઈના કાર્યાલય પદમ ભુવન, નહેરૂ રોડ, મુલુન્ડ (વે) મુંબઈ-૮૦માં સ્વીકારવની છેલ્લી **તા.૧૨-૧૧-૧૨** કરવામાં આવી છે. જ્ઞાતિજનોએ ત્વરીત ફોર્મ મોકલવા વિનંતી છે. ૮મા જ્ઞાતિ વસતીપત્રકની વિશિષ્ટ વેબસાઈટનું ઉદ્ઘાટન તા.૨૬-૧-૧૩ના મુંબઈમાં કરવામાં આવશે.

## તેજસ્વી જૈન વિદ્યાર્થીઓને "જીતો"નું આમંત્રણ

વધુને વધુ જૈન યુવાનો ઉચ્ચ સરકારી હોદ્દા પર પહોંચી અને દેશની સેવા કરે એ ઉદ્દેશથી "જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઑર્ગેનાઈઝેશન" "જીતો" દ્વારા વિશેષ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. તેજસ્વી જૈન યુવાનો આઈએએસ, આઈપીએસ, આઈઆરએસ જેવી ઉચ્ચ પદવીઓ મેળવવા અભ્યાસ કરી શકે એ માટે દિલ્હી, અમદાવાદ, ઈન્દોર, ચેન્નઈ અને પુનામાં "જીતો" દ્વારા હૉસ્ટેલો પણ ખોલવામાં આવી છે અને ત્યાં ઉપરોક્ત અભ્યાસક્રમોનું વ્યવસ્થિત શિક્ષણ આપવામાં આવે છે. મુંબઈ-દાદરમાં સીએ મહેન્દ્રભાઈ તુરખિયાએ આ માટે કલાસ શરૂ કર્યા છે. ત્રણ વર્ષમાં ઘણાં જૈનો આ પરીક્ષાઓમાં પાસ પણ થઈ ચૂક્યા છે. આ અંગે વધુ માહિતી માટે "જીતો"ની વેબસાઈટ www.jito.org પર માહિતી મળી શકશે.

## ચાલીસગામમાં ત્રિદિવસીય જાપ આરાધના

ચાલીસગામમાં પુ.સા.શ્રી ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ની નિશ્રામાં પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ત્રિદિવસીય જાપ આરાધના યોજેલ છે. તા.૯-૧૧-૧૨ના "શ્રી પદ્મપ્રભુસ્વામિને નમઃ" જેના લાભાર્થી સૌ. દમયંતીબેન ચાંપશી લોડાયા પરિવાર (સાંઘવ-ઘાટકોપર)

તા.૧૦-૧૧-૧૨ના શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના જાપનો લાભ એક સદ્ગૃહસ્થે લીધેલ છે.

તા.૧૧-૧૧-૧૨ના શ્રી નમસ્કાર મહામંત્રના જાપનો લાભ ચિ. પુણ્યાના જન્મદિવસ નિમિત્તે શ્રી પ્રમોદ વિરચંદ મોમાયા (સાંહેરા-ઘાટકોપર) લીધેલ છે.

## જૈન વેબસાઈટ www.achalgach.com

શ્રી પાર્શ્વ જય ચેરિટેબલ ટ્રસ્ટ-માલેગામ દ્વારા આવશ્યકતા અને સમયની માંગને ધ્યાનમાં લઈને શ્રી સુશીલ લક્ષ્મીચંદ ખોના (સાંહેરા-જલગામ)ના અથાગ પ્રયત્નથી www.achalgach.com વેબસાઈટ તા.૨૪-૧૦-૧૨ના શરૂ કરાઈ. જેને દેશ-વિદેશમાં સુંદર પ્રતિસાદ મળી રહેલ છે.

જ્યાં ચાતુર્માસ નથી એવા સ્થાનોમાં પુજ્યોના ધાર્મિક પ્રવચનો સાંભળી શકાય, વિવિધ અનુષ્ઠાનોને સહુ નિહાળી શકે જેથી સહુની ધર્મભાવના વિકસે એ હેતુથી તથા હાલમાં ચાલુ થયેલ શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ જેના દ્વારા જૈન સ્નાતક (B.J.) વિગેરેની માહિતી મેળવી શકાય. એ અભ્યાસક્રમ તંત્રજ્ઞાનને આધારે સમયસર જિજ્ઞાસુઓને પહોંચાડવાના લાભને


નુતન વર્ષાભિનંદન !
Laxmichand Dharshi
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404

નુતન વર્ષાભિનંદન !
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
અંબા શીપીંગ એજન્સીઝ
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

દષ્ટિમાં રાખીને આ પગલું ભરવામાં આવ્યું છે.

જાનુ. ૨૦૧૩થી આ વેબસાઈટ ઉપર શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ પેપર અને પરિણામો મુકવામાં આવશે.

તા.૨૮-૧૦-૧૨ના શ્રી પાર્શ્વ-જય ચેરિટેબલ ટ્રસ્ટની મિટિંગ દરમ્યાન શ્રી સુશીલ લક્ષ્મીચંદ ખોનાનું સુંદર વેબસાઈટ તૈયાર કરવા બદલ તેમજ તેની સમયસર અપડેટ કરવાની અને ચલાવવાની જવાબદારી સંભાળવા અને સ્વીકારવા બદલ ટ્રસ્ટી મંડળ તરફથી બહુમાન કરવામાં આવેલ. જિજ્ઞાસુઓએ આ વેબસાઈટનો લાભ લેવા અનુરોધ છે.

### જલગામમાં ત્રિદિવસીય જાપ અભિયાન

પૂ.સા. મુક્તિશ્રીજી મ.સા. તથા પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે એમના સંયમ જીવનની અનુમોદનાર્થે જલગામમાં ત્રિદિવસીય (સવારના ૬થી સાંજે ૬સુધી)ના ૧૨ કલાક અખંડ જાપનું આયોજન થયું. દિવાળીના ટાંકણે શ્રાવક-શ્રાવિકાઓ ઉમંગથી આ જાપમાં ભાગ લઈ રહ્યા છે. પ્રથમ દિવસે શ્રી વાસુપૂજ્ય સ્વામિનો, બીજા દિવસે ઉવસગ્ગહરં સ્તોત્રનો તથા ત્રીજા દિવસે નવકાર મહામંત્રનો જાપ રાખવામાં આવેલ છે. ત્રિદિવસીય આરાધનાનો સંપૂર્ણ લાભ શ્રી જલગામ શ્વે. મૂ. જૈન સંઘે લીધેલ છે.

### તાડપત્ર આગમ લેખન

તાડપત્ર ઉપર આગમ લેખન કાર્ય પૂર્ણતાને આરે છે. ૪૯ પેટીઓમાં ૪૫ આગમ સુંદર રીતે ગોઠવવામાં આવ્યા છે. લાભ લેવા માટે શ્રાવક-શ્રાવિકાઓ પડાપડી કરી રહ્યા છે. શ્રી ભાવેશભાઈ ધનપતિ મોમાયા (બારોઈ-જલગામે) શ્રીમતિ ઈન્દિરાબેન જયંતિલાલ વિકમશી (જખૌ-ઘાટકોપર), શ્રીમતી તારાબાઈ કુલીનકાંત લોડાયા (બારોઈ-જલગામ) સૌ. વાસંતીબેન શૈલેન્દ્ર નાગડા (જખૌ-જલગામ) તથા સૌ. બીનાબેન અમિત ખોના (નલિયા-ભાંડુપ) શ્રુત લેખનનો અમુલ્ય લાભ લીધો. શ્રુતલેખન અને શ્રુત રક્ષણ દ્વારા અપૂર્વ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ પ્રાપ્ત થાય છે. લાભ પાંચમ સુધી એ આગમ લેખન તૈયાર થઈ જશે. શ્રી કચ્છી દશા-વિશા મહાજન-જલગામ તથા શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ચાલીસગામ આ અભિયાનમાં જોડાયા છે.


નુતન વર્ષાભિનંદન !

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

(રંગપુર-કોઈમ્બતુર)


### જલગામમાં આયંબીલ ઓળી આરાધના

જલગામમાં પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ની નિશ્રામાં શાશ્વત ઓળીની સુંદર આરાધના થઈ. પંચોત્તરેથી અધિક નવપદની ઓળીના, વર્ધમાન તપનો પાયો ભરનાર આરાધકો તથા વર્ધમાન તપની ઓળી કરનારા સારી સંખ્યામાં હતા. આયંબીલની રસોઈ માટે શ્રી પ્રવીણભાઈ દંડ (મલકાપુર)ની જહેમતથી અમદાવાદથી રસોઈયાની વ્યવસ્થા કરવામાં આવેલ. આયંબીલ કરાવવા લાભ તપસ્વી ભક્તિ અને પ્રભાવનાનો લાભ માતુશ્રી રતનબાઈ ચત્રભુજ માંયા (નાગ્રેચા-જલગામ) પરિવારે લીધેલ.

### જલગામમા "તેરા તુજકો અર્પણ"

જલગામમા ચાતુર્માસ દરમ્યા થયેલ શ્રી કંઠાભરણ તપ નિમિત્તે શ્રી વાસુપૂજ્ય દાદાને શ્રાવક-શ્રાવિકાઓ તરફથી સોનાનો કંઠો તેમજ બાજુબંધ અર્પણ કરવામાં આવેલ સૌ. લેખાબેન ધનપતિ મોમાયાના વરસીતપની આરાધના નિમિત્તે શ્રી વાસુપૂજ્ય દાદાને હિરાના ચક્ષુ તથા હિરાના ભ્રમર ચઢાવવામાં આવ્યા. શ્રી સંઘ તરફથી દાદાની હિરાની આંગી કરાવવામાં આવશે જે દિવાળી પહેલા તૈયાર થઈ જશે. પરમાત્માએ આપેલું પરમાત્માને અર્પણ કરી સહુ અલૌકિક આનંદ અનુભવે છે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-કોઇમ્બતુર

મહાજન દ્વારા તા.૧૬-૧૦થી ૨૩-૧૦ સુધી નવરાત્રિમાં શ્રી કે.ડી.ઓ. ભવનમાં ઉત્સવ ઉજવાયેલ. જેમાં મહાકાળી માતાજીની ભાવના ભાવપૂર્વક ભણાવવામાં આવેલ. જેમાં સંઘના પરિવારોએ આરતી તેમજ પ્રસાદીનો લાભ લીધેલ. આઠમના માતાજીને ચુંદડી ઓઢાળવાનો લાભ શ્રી ભરત દામજી લોડાયા પરિવારે લીધેલ.

દર વર્ષ પ્રમાણે મહાજનની બહેનો દ્વારા "જમ્બલ સેલ"નું તા.૨૮-૧૦-૧૨ના ભવનમાં રાખવામાં આવેલ.


સાલ મુબારક

**શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)**

**UKKHIMJI & CO.**

144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057

જેમાં જ્ઞાતિપરિવારોમાંથી વાપરવા લાયક સારી જુની વસ્તુ એકત્ર કરી વેંચાણ માટે સેલ મેળો ગોઠવેલ. જેમાં માતબર રકમ એકત્ર થયેલ. આ રકમ માનવ કલ્યાણ અર્થે મેડીકલ કેમ્પ, ગરીબ બાળકો માટે સ્કુલ ડ્રેસ, આર્થિક નબળા પરિવારોના બાળકોને સ્કુલ તેમજ કોલેજ ફી વગેરે કાર્ય કરવામાં આવશે.

આ વર્ષે મહાજનની બહેનો તરફથી રૂા.૫૧,૦૦૦/- નું દાન અત્રે સ્થાનકે શ્રી જૈન ડાયાલીસીસ સેન્ટરને ભેટ અપાયેલ. જેમાં રોજના ૩ થી ૪ ગરીબ માણસોના ડાયાલીસ માત્ર નજીવા ચાર્જથી કરવામાં આવે છે. મહાજન દ્વારા માનવ સેવાના અનુમોદનીય કાર્યોમાં સહભાગી થવા છે.

### મહારાષ્ટ્ર એકમ મહિલામંચ ખામગામ/શેગાંવ

અત્રે મહાજનશ્રીના ઉપક્રમે પૂ. વિજયપૂર્ણાશ્રીજી મ.સા. આ.ઠા.-૩ની નિશ્રામાં ચાતુર્માસ આરાધના સુંદર રીતે થઈ. તા.૨૩-૯ થી ૧૨-૧૦-૧૧ સુધીના ૨૧ દિવસના શ્રી વિમલનાથદાદાના જાપમાં લગભગ ૮૦ જેટલા આરાધકો જોડાયેલ. જાપ પુર્ણાહતી નિમિતે ધાર્મક સાંસ્કૃતિક કાર્યક્રમમાં નવપદની અને તીર્થો વિષેની ગેમ સૌ. તૃપ્તીબેન લોડાયાએ રમાડેલ. અષ્ટપ્રકારી પુજાની એક્ટીંગ ગેમમાં પ્રથમ સૌ. હર્ષા મનોજ નાગડા આવેલ. જાપ કરનાર ભાઈ બહેનોને બલસાણા તીર્થ યાત્રા માટે લકી ડ્રો નીકળેલ. તેમાં શ્રી મનોજ નાગડા, શ્રી હીરાલાલભાઈ લોડાયા, સૌ. ધનુબેન મોતા અને સૌ. હેમા લોડાયા ભાગ્યશાળી રહ્યા.

તા.૨૮-૯ના પૂ. વિજયપૂર્ણાશ્રીજી મ.સા.ના જન્મદિન નિમિતે ધાર્મિક સ્તવન હાઉઝી રમાડવામાં આવેલ જે ત્રણ કલાક ચાલી અને ૭૫ જેટલી સંઘની બહેનોએ તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

પૂ.સા. ચંદ્રપ્રભાશ્રીજી મ.સા.ની ૧૭મી પુણ્યતીથી નિમિતે દેશાવગાસીક સામાયિક રાખેલ તેમાં ૧૦૦ લકી ડ્રો રાખેલ તેમજ કોચીંગ હરીફાઈમાં ચારિત્રના સફેદ રંગના મેચીંગમાં પ્રથમ સૌ. કુંજનબેન લોડાયા દ્વિતીય સૌ. વર્ષાબેન લોડાયા અને તૃતિય કુ. જયાબેન નાગડા વિજયી થયા.

### લગ્ન સંબંધી

મુંબઈ સ્થિત, ઉંમર વર્ષ ૨૮, ઉંચાઈ ૫'-૧૧", સારી કંપનીમાં જોબ ધરાવતા વેલસેટલ યુવક માટે સંસ્કારી કન્યાના વડિલો બાયોડેટા, કુંડલી, ફોટા સાથે સંપર્ક કરે.
E-mail : livetoeat246@gmail.com

પુનમના પૂ. અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસુરીજી મ.સા.ના ૮૧મા જન્મદિન નિમિતે નીવી તપ થયેલ. જેમાં ૪૫ જણાંને નીવી કરાવવાનો લાભ સૌ. કંચનબેન શાહ પરિવારે લીધેલ.

પૂ.આ.ભ.ગુણસાગરસુરીજી મ.સા.ની જન્મશતાબ્દી નિમિતે અઠ્ઠમ તપ તેમાં સૌ. પ્રેરણાબેન નાગડા અને સૌ. ધનલક્ષ્મી મોતા સહિત સંઘની બહેનોએ અઠમ તપ કરેલ. તેમના પારણાંનો લાભ શ્રીમતી હીરાબાઈ ગોવિંદજી લોડાયાએ લીધેલ. વિમલનાથ દાદાના જાપની પુર્ણાહુતી અને આચાર્ય ભગવંતની જન્મ શતાબ્દી નિમિતે ત્રણ દિવસના વિવિધ કાર્યકમો થયા. પ્રથમ શ્રી ગૌતમસ્વામીના અનુષ્ઠાનનો લાભ શ્રી શાંતિનાથ મહિલા મંડળે લીધેલ. બીજા દિવસે ચારિત્રના ઉપકરણ વંદનાવલી કાર્યક્રમ માટે વિવિધ અનોખા ચડાવા બોલાયેલ જેમાં એકાસણાં, બ્યાસણાં, ગાથા કંઠસ્થ, ૧ાા લાખ ડગલાં જિનાલય કે ઉપાશ્રય તરફ જવું. બ્રહ્મચર્ય પાલન વગેરે નિયમો લઈને લાભ અપાયા. એમાં સૌ. હર્ષા મનોજ નાગડા, સૌ. માલતીબેન નાગડા, કુ. જયાબેન નાગડા સૌ. નિર્મલા શિયાડ અને સૌ. સીમાબેન લોડાયાએ વિવિધ નિયમો લઈને એ ચડાવાનો લાભ લીધેલ. તા.૧૪-૧૦ના ખામગામમાં પ્રથમવાર નવકારના ભાષ્ય જાપનું અનુષ્ઠાન શ્રીમતી તારાબેન નવીનચંદ્ર નાગડા પરિવાર દ્વારા કરાવવામાં આવેલ. મુંબઈથી વિધિકાર શ્રી હર્ષ દેઢીયા પધારેલ. તેમાં પૂ.સા. વિજયપૂર્ણાશ્રીજી મ.સા.એ વ્યાખ્યાનમાં "જીવનમાં પ્રથમ નોટ (પૈસા) કે નવકાર" વિષે સુંદર સમજ આપી.

તા.૨૮-૧૦-૧૨ના સભ્યો દ્વારા દિવાળી તહેવારો નિમિતે બાળાપુર, ફૈલ અને ચાંદમારી એરીયામાં ગરીબોને કપડાનું વિતરણ કરવામાં આવ્યું. ઉપરોક્ત દરેક કાર્યક્રમમાં મહિલામંચની બેનોએ અને મહાજનની બહેનોએ સક્રિયપણે સહભાગ લીધેલ. મહાજનના સર્વે સભ્યો અને મહિલા મંચે પૂજ્યશ્રીની પ્રેરણા-માર્ગદર્શનને ચાતુર્માસ આરાધનામાં સક્રિય રહી લાભ લીધેલ.

### નાગપુરમાં વિશિષ્ટ નવરાત્રિ મહોત્સવ

અત્રે નવરાત્રિ ઉત્સવ અનોખી રીતે ઉજવાયું. તા.૧૬ થી ૨૪-૧૦-૧૨ દરમ્યાન દરરોજ મહાકાળી માતાની ભાવના રાખવામાં આવી. નવ દિવસ દરરોજ બપોરે ૩ થી ૫માં વિવિધ જ્ઞાતિ પરિવારોના ઘરે અનોખી સ્પર્ધા સાથે નવરાત્રિ ઉજવાઈ. પ્રથમ દિવસે શ્રી અનીલભાઈ

ખોનાના ઘરે ભાવના હતી. જેમાં ફુલહાર સજાવીને લાવવાની સ્પર્ધામાં પ્રથમ માતુશ્રી ગુણવંતીબેન રતિલાલ મૈશેરી તથા દ્વિતિય સૌ. પૂર્ણિમાબેન જીતેન્દ્ર દંડને ઇનામ અનીલભાઈ તરફથી સૌ. ક્ષમાબેનના હસ્તે અપાયેલ.

બીજા દિવસે શ્રી મેઘજીભાઈ પોલડિયાના ઘરે ભાવના હતી જેમાં કળશ સજાવીને લાવવાની સ્પર્ધામાં પ્રથમ સૌ. મીનાબેન મૈશેરી તથા દ્વિતિય સૌ. પુનમ (ખમા) મોમાયાને ઇનામ શ્રી મેઘજીભાઈ તરફથી સૌ. તારાબેનના હસ્તે અપાયેલ. ત્રીજા દિવસે શ્રી ઝવેરચંદભાઈ લાલકાના ઘરે ભાવના હતી જેમાં નાળીયેર સજાવવાની સ્પર્ધામાં પ્રથમ સૌ. તન્વી મૈશેરી તથા દ્વિતિય સૌ. પુનમ (ખમા) મોમાયાને ઇનામ ઝવેરચંદભાઈ તરફથી સૌ. દમયંતીબેનના હસ્તે અપાયા. ચોથા દિવસે શ્રી ગીરીશભાઈ લોડાયાના ઘરે ભાવના હતી. દિવો સજાવીને લાવવાની સ્પર્ધામાં પ્રથમ કુ. જાન્હવી મૈશેરી તથા દ્વિતિય સૌ. પુનમબેન (ખમા) મોમાયાને ઇનામ ગિરીશભાઈ તરફથી સૌ. દેવકુંવરબેનના હસ્તે અપાયેલ. પાચમા દિવસે શ્રી યોગેશભાઈ દંડના ઘરે ભાવના હતી જેમાં દાંડીયા સજાવી લાવવાની સ્પર્ધામાં પ્રથમ સૌ. પુનમ મોમાયા અને દ્વિતિય સૌ. મીનાબેન લોડાયા અને તૃતિય સૌ. રૂપલ પોલડિયાને ઈનામ યોગેશભાઈ તરફથી સૌ. પૂર્ણિમાબેનના હસ્તે આપવામાં આવ્યા.

છઠ્ઠા દિવસે શ્રી મયંકભાઈ ખોનાના ઘરે ભાવના હતી. જેમાં માની ચુંદડી સજાવીને લાવવીની સ્પર્ધામાં પ્રથમ સૌ. પુનમ (ખમા) મોમાયા તથા દ્વિતિય સૌ. મોહીની મૈશેરી આવ્યા. જેમને મયંકભાઈ તરફથી સૌ. પ્રગતિબેનના હસ્તે ઇનામ અપાયા.

સાતમા દિવસે શ્રી સત્યેન્દ્રભાઈ લોડાયાના ઘરે ભાવના હતી. જેમાં પૂજાની થાળી સજાવીને લાવવાની સ્પર્ધામાં પ્રથમ સૌ. પુનમ (ખમા) મોમાયા તથા દ્વિતીય સૌ. ફ્રેનલ લોડાયાને શ્રી સત્યેન્દ્રભાઈ લોડાયા તરફથી સૌ. આશાબેનના હસ્તે ઇનામ અપાયા.

આઠમા દિવસે શ્રી પ્રફુલભાઈ મોમાયાના ઘરે ભાવના હતી. જેમાં આરતીની થાળી સજાવવાની સ્પર્ધામાં પ્રથમ સૌ. મીનાબેન લોડાયા તથા દ્વિતિય સૌ. પ્રગતિ ખોનાને પ્રફુલભાઈ તરફથી પુનમબેનના હસ્તે ઇનામ આપવામાં આવ્યા હતા.

નવમા દિવસે શ્રી તરુણભાઈ મૈશેરીના ઘરે ભાવના હતી. જેમાં બહેનોને ૧૬ શણગાર સજીને આવવાનું હતું. એમાં પ્રથમ સૌ. સોનલ મનોજ ઘરમશી તથા દ્વિતિય સૌ. રૂપલબેન પોલડિયા આવતાં તેમને તરુણભાઈ તરફથી સૌ. મોહિનીબેનના હસ્તે ઇનામ અપાયા.

નવ દિવસ, નવ ઘરે, નવ સ્પર્ધાઓ સાથે ભાવનામાં બહેનએ સારી રમઝટ જમાવી. બધા સ્થળે સૌને દુધ અને નાસ્તાની વ્યવસ્થા રાખવામાં આવેલ. રોજ માતાજીના પ્રસાદ લાભ સૌએ લીધો. બધી સ્પર્ધામાં બહારના વ્યક્તિને નિર્ણાયક તરીકે બોલાવવામાં આવેલ. દરરોજ ભાવનામાં પુનમબેન મોમાયાએ ખંજરીના તાલ પર બહેનોને ગરબા, દાંડીયારાસ રમાડ્યા હતા. નાગપુર મહિલામંચ દ્વારા આ રીતે અનોખો કાર્યક્રમ થયો.

### ધુલીયા બોર્ડીંગને અનુમોદનીય યોગદાન

સૌ. નિર્મલાબેન ઉત્તમચંદ નાગડા (માટુંગા-મુંબઈ) (શા. ધનજી વિશનજી ઓભાયા (ધુલીયા)ના દિકરી) જેમણે પોતાના માવિત્રોના સ્મરણાર્થે ધુલીયા બોર્ડિંગને શિક્ષણ ફંડમાં રૂા.૫૧,૦૦૦/- (એકાવન હજાર) શ્રી મહારાષ્ટ્ર એકમની ધુલીયામાં યોજાયેલ વાર્ષિક જનરલસભામાં સંસ્થાના ચેરમેન શ્રી તિલોકચંદ નરશી દંડ, શ્રી ચંદ્રકાંત


નુતન વર્ષાભિનંદન !
ગિરીશ લોડાયા-09892019133 / 09967771141
AVSAR
CATERING SERVICES
Simply the Best...
અવસર કેટરીંગ સર્વિસીસ
કોઈપણ પ્રસંગે શ્રેષ્ઠ સ્વાદ, ઉત્તમ સર્વિસ
B-1, 505, સાઈ આશિષ, બી.આર. રોડ,
મુલુન્ડ (વે), મુંબઈ-૮૦. ફોન : 022-21649611



નુતન વર્ષાભિનંદન !
K. Dixit
રીયલ ડાયમંડ જ્વેલરી
કૌશિક રાયચંદ શાહ (પટેલ)
(સાંધાણ - ઘાટકોપર)
98204 57676


ગુલાબચંદ લોડાયા, માનદમંત્રી શ્રી કેતન ઠાકરશી ગોસર સાથે સંસ્થાના કોરોબારી સભ્ય સૌ. કાંતાબેન ચંદ્રકાંત લોડાયા વગેરેની ઉપસ્થિતિમાં શિક્ષણ ફંડમાં નોંધનીય દાન ભેટ આપેલ.

ધુલીયા બોર્ડીંગમાં તેમના માવિત્રશ્રી સ્થાપક સભ્ય હતા. સંસ્થાના પ્રારંભે તેમના માવિત્ર પરિવારે પ્રેરક યોગદાન આપેલ. તેમના સ્મરણાર્થે આ ભેટ આપેલ. સંસ્થા પરિવારની સહૃદય આભારી છે અને અનુમોદના કરે છે.

## સખીવૃંદ–પુના

સખીવૃંદની વાર્ષિકસભા ૨-૧૦-૧૨ના સવારે ૧૦.૩૦ વાગે મળેલ. પ્રારંભે નવકાર મંત્રપઠન મીરાબેન મોમાયાએ કરાવેલ. ક્લ્પના લાપસિયાએ આગવી શૈલીમાં સભાનું સુત્રસંચાલન કરેલ. સખીવૃંદના પ્રમુખ રીટા ભાટે આવકાર આપી સંબોધન કરેલ. વંદના ધરમશીએ ગ્રુપ બૉંડિંગ ગેમ રમાડેલ. પુષ્પ લોડાયાએ મહત્વના ત્રણ સોસીયલ મેસેજ સાથે સુંદર પ્રહસન પ્રસ્તુત કરેલ જે પ્રશંસનીય રહેલ.

સેક્રેટરી શ્વેતા ડાગાએ વાર્ષિક અહેવાલ રજૂ કરેલ. કોષાધ્યક્ષ વંદના ધરમશીએ વૃંદના હિસાબો રજુ કરેલ.

જેમના જન્મદિન આવતા હતા તે સૌને શુભેચ્છા અપાઈ. વૃંદની મીટીંગમાં સારી હાજરી આપનાર સભ્યોને પ્રોત્સાહિત કરાયા. જેમાં રિટા ભાટે, કલ્પના લાપસિયા, મીરા મોમાયા, ચંદ્રિકા રતાણી અને મધુરીબેન લોડાયા હતી. ત્યારબાદ સ્વઆયોજીત અને સ્વરચીત મિટિંગો લેનાર બહેનોને પ્રોત્સાહિત કરાયા જેમાં રીટા ભાટે, મયુરીબેન લોડાયા, કાંતાબેન ધરમશી, નયનાબેન હેફા અને નલિનીબેન લાપસીયા હતા. આ બધામાંથી સૌથી શ્રેષ્ઠ મીટિંગ માટે નલિનીબેન લાપસિયાની પસંદગી થઈ અને એમને ટ્રૉફીથી નવાજવામાં આવેલ. એ પછીના ક્રમની બહેનોને કિર્તીબેન તરફથી આશ્વાસન ઇનામ અપાયેલ. સ્વરચીત મીટીંગની કેટેગરીમાં Lucky Drawથી વિજેતા પસંદ કરાયેલ. જેમાં કુ. વંદના ધરમશી વિજેતા થયા. એમને મંડળ તરફથી ટ્રૉફી આપી અભિવાદન કરાયું.

બીજા ક્રમે ભાવના મહેશ્વરી, નીતા દંડ, મંજુલા નાગડા અને કાશ્મિરાબેન લોડાયા હતા.

છેલ્લે મધુરીબેન લોડાયાને સર્વ પ્રથમ આવનાર સભ્યનું ઇનામ પુષ્પાબેન લોડાયા તરફથી અપાયેલ.

સૌ. કલ્પના લાપસીયાએ સુચવેલ અનોખી સ્પર્ધા Beauty Pagentના સ્વરુપે યોજાયેલ જેમાં બહેનોમાં રહેલ બાહ્ય સૌંદર્ય સાથે સાથે આંતરિક સૌંદર્ય અને ગુણવતા દર્શાવવા મંચ અપાયેલ જેમાં દરેક વિજેતાને ૧૦ સભ્યોને કાશ્મિરાબેન લોડાયાના હસ્તે કલ્પના લાપસીયા તરફથી પ્રતિક ભેટ આપીને નવાજવામાં આવ્યા. આ કાર્યક્રમમાં સૌને વધુ મજા આવી.

અંતમા પુષ્પાબેન લોડાયાએ આભારવિધી અને સભા સમાલોચન કરેલ. વિશેષતઃ વિજયાબેન નાગડા જેમણે આખા વર્ષના ભેટ ઇનામોનું સૌજન્ય જાહેર કરેલ. જે સખીવૃંદ માટે પ્રેરક પ્રોત્સાહિત રહ્યા. આમ વાર્ષિકસભા સૌના સથવારે સકારાત્મક વાતાવરણમાં સંપન્ન થઈ. સભાબાદ સૌએ સુંદર પ્રિતીભોજનનો લાભ લઈ છુટા પડ્યા.

## શ્રી કચ્છી જૈન સંઘ–કલકત્તા

અત્રે શ્રી કચ્છી જૈન ભવનના નૂતનીકરણ બાદ ઉદ્‌ઘાટન નિમિત્તે તા.૨૯-૯ અને ૩૦-૯ના વિશેષ સમારોહ ગોઠવાયેલ. આ સમારંભના અતિથીવિશેષોમાં સર્વ શ્રી ડુંગરશી ગાલા, ચંદ્રકાંત ગોગરી, કમલેશ વિકમશી, નયન ભેદા, પ્રવીણચંદ્ર શાહ અને ચંદ્રકાંત સંઘવીનો સમાવેશ હતો. શનિવારે સવારે શોભાયાત્રા નીકળી હતી અને ભવનનું ઉદ્‌ઘાટન થયેલ. બહુમાન સમારોહમાં આમંત્રિતો અને દાતાઓના સન્માન થયા. સાંજે સુગમ સંગીત કાર્યક્રમ હતું. સમાજબાંધવોને બન્ને ટાઇમ પ્રિતી ભોજન હતું. રવિવારે સવારે સોવેનીયર અને વસતીપત્રકના વિમોચન, બહુમાન અને કોમ્પ્યુટર પર પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દર્શાવાયું. બપોરે સ્નેહભોજન અને "ખુશ્બુ કચ્છ ગુજરાતકી" કાર્યક્રમ તથા સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ અને સ્વરૂચી ભોજન હતું. પ્રમુખ શ્રી શાંતિલાલ લાલજી વીરાએ સર્વેને આવકાર આપેલ. માનદમંત્રીઓ શ્રી જયંત ધુલ્લા અને હિતેશ વીરા તથા ટીમે કાર્યક્રમ સંચાલન અને સફળતા માટે જહેમત લીધેલ.

## સાંયરા

આસો પુનમનાં આયંબીલ ઓળી મા. નવલબાઈ દેવશી પોલડીયા (ડુમરા-ઘાટકોપર) તરફથી થઈ. તા.૨૮-૧૦ના શિતલ મયુર મોમાયા (સાંયરા-જલગામ) તરફથી મહાકાળીની ભાવના હતી. જેમાં સૌએ સારી રમઝટ જમાવી. તા.૨૯-૧૦ના મા. ભચીબાઈ પદમશી લોડાયા પરિવાર હ. જયાબેન તરફથી સ્વામીવાત્સલ્ય જમણ હતું. મા. વાલબાઈ દામજી ધ્રોળ તરફથી રૂા.૧૦નું સંઘપુજન થયેલ. પુનમના આયંબીલના તપસ્વીઓને રૂા.૧૦૦ની

પ્રભાવના થઈ. અંતરજાળમાં અચલગચ્છ નગરમાં વિમલનાથજીના જિનાલય નિર્માણાર્થે જાપ અભિયાનમાં મા. ભચીબાઈ પદમશી લોડાયા પરિવાર તરફથી રૂા.૨૦૦ની પ્રભાવના થઈ.

## શ્રી ક.દ.ઓ. મહિલામંચ–અમલનેર

અત્રે મંચના ઉપક્રમે તા.૮-૧૦-૧૨ના હંસાબેન લોડાયા તરફથી સમુહ સામાયિક અને જાપ કાર્યક્રમ થયેલ. તેમના તરફથી પ્રભાવના અપાઈ. તા.૨૨-૧૦-૧૨ના ભાવના વિજયાબેન પદમશી લોડાયાનાં ઘરે હતી. ગીતોની રમઝટ બાદ માની ચુંદડીનો લાભ વનિતાબેન નરેન્દ્ર લોડાયાએ લીધેલ. પ્રસાદ લઈ સૌ છુટા પડયા. તા.૨૩-૧૦ના નવરાત્રિ નવમીની ભાવના હંસાબેન લોડાયા તરફથી થઈ. પ્રસાદ લઈ છુટા પડયા. તા.૨૪-૧૦ના શાંતિ મંડળની બેઠક વિજયાબેન પદમશી લોડાયાના ઘરે હતી. જેમાં વાર્ષિક અહેવાલ અપાયેલ અને અલ્પાહાર લઈ સૌ છુટા પડ્યા.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન–ઔરંગાબાદ

અત્રે અચલગચ્છ સમાચારી પ્રમાણે પર્યુષણ પર્વની આરાધના પ્રથમ ભાદ્રપદમાં જ્ઞાતિભાઈ-બહેનોએ ખૂબજ ઉત્સાહ અને ઉમંગપૂર્વક કરી. ગોડીજી પાર્શ્વનાથ દેરાસરે દરરોજ પૂજા, ભાવના, પ્રભુજીની સુંદર અંગરચના કરવામાં આવેલ. જ્ઞાતિજનોની વિનંતીને માન આપી ચાતુર્માસાર્થે બિરાજમાન પૂ. પંન્યાસ પ્રવર પૂર્ણચંદ્રસાગરજી મ.સા.એ પોતાના શિષ્ય પૂ. આગમસાગરજી મ.સા.ને આરાધના કરાવવા સંઘમાં મોકલેલ. એમણે દરરોજ પ્રવચન, કલ્પસૂત્રજી તથા બારસાસૂત્ર વાંચન કરેલ. કલ્પસૂત્રજી ઘરે પધરાવવાનો લાભ શ્રી શાંતિલાલ લધાભાઈ લોડાયા પરિવારે લીધેલ. ભાદરવા સુદ એકમના સ્વામીવાત્સલ્યનો લાભ માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા પરિવારે લીધેલ. બીજના વાંચન તથા સ્વપ્નદર્શનમાં સમસ્ત જ્ઞાતિજનો માં અનેરો ઉત્સાહ હતો. સ્વપ્ન ચડાવા ઘૃત ૧,૩૨,૭૩૮ મણ થયેલ. એમાં લક્ષ્મીજીનો ચડાવો સોનાનો હાર ચડાવવાના ચઢાવા સાથે ૮૭ હજાર મણ થયેલ જેનો લાભ માતુશ્રી દમયંતી રતનશી લોડાયા પરિવારે (સાંયરા-ડોંબિવલી) એ લીધેલ. સ્વપ્નદ્રવ્ય લગભગ રૂા.સાત લાખ થયેલ. પારણું પધરાવવાનો લાભ શ્રી વિનોદ ખીમજી લોડાયા પરિવારે લીધેલ. કલ્પસૂત્રજીનું જાગરણ શ્રી શાંતિલાલભાઈના ઘરે તથા પારણાનું જાગરણ શ્રી વિનોદ ખીમજી લોડાયાના ઘરે ભક્તિભાવના, રાસની રમઝટ સાથે આનંદપૂર્વક સંપન્ન થયેલ.

નમસ્કાર મહામંત્ર તપ, નવ-નીધિ તપ, અઠ્ઠમ વિગેરે નાની મોટી તપસ્યા સાથે શ્રી કરમશી ખીમજી ડાઘાની અઠ્ઠાઈની તપસ્યા શાતાપૂર્વક પૂર્ણ થયેલ. છઠના તપસ્વીઓના પારણા અને સંઘના પારણાં તથા સમુહ ક્ષમાપના કાર્યક્રમ થયેલ. તેમાં પૂ. પૂર્ણચંદ્રસાગરજી મ.સા. પધારી સંઘને આશિર્વચન સહ જિનવાણી ઉપદેશામૃત પાન કરાવેલ. પર્વની ઉજવણી આનંદ સાથે સંપન્ન થઈ.

## ઔરંગાબાદ સંઘની ચૈત્ય પરિપાટી

અત્રે સંઘે આ વર્ષે કચ્છ ચૈત્ય-પરિપાટી યોજેલ જેમાં ૫૦ જ્ઞાતિ ભાઈ-બહેનો જોડાયા હતા. કચ્છમાં આવેલા બધા તીર્થોની સ્પર્શના સાથે પૂ. અચલગચ્છાધિપતિશ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.આ.ઠા.ને દર્શન-વંદનનો લાભ મળેલ. વર્ધમાન નગર-ભુજોડીમાં શ્રી સંઘનું વાજતેગાજતે સ્વગત થયું. અચલગચ્છ પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ તથા કાર્યકર શ્રી પ્રબોધભાઈ મુનવરે સંઘની ભાવભીની ભક્તિ કરી. સાધર્મિકોની ભક્તિરૂપે ક.દ.ઓ. જૈન મહિલા મંચે ૧૧ હજાર, ડૉ. સિમીત તથા શ્રી અમીત લોડાયાએ ૧૧ હજાર, સૌ. જ્યોત્સના શાંતિલાલ લોડાયા પરિવારે ૫ હજાર, શ્રી જીતેન્દ્રકુમાર હીરજી એન્ડ કાં. ૫ હજારનો ફાળો આપેલ. નવકારશીનો નકરો રૂ ા.૧૫૦૦/- રાખેલ. તેના લાભાર્થી પરિવારો : સૌ. દીપ્તી મહેન્દ્ર લોડાયા, સૌ. તરલા કાંતિલાલ લોડાયા, સૌ. કાંતાબેન કરમશી ડાઘા તથા સૌ. નિર્મલાબેન પાશ્વીર ઘરમશી. બપોરના જમણનાં નકરો ૨૫૦૦/- રાખેલ જેના લાભાર્થીઓઃ સૌ. જયશ્રી પ્રવીણ તથા સૌ. આરતી હેમલ નાગડા, સૌ. તરલા પ્રદીપ મોમાયા, શ્રીમતી પુષ્પાબેન વિસનજી મોતા તથા સૌ. શિલ્પા વિકાસ રાયમાને પરિવાર તેમજ સાંજનાં જમણનો નકરો રૂા.૨,૦૦૦/- રાખેલ તેના લાભાર્થીઃ સૌ. મૃદુલાબેન મનહરલાલ બાબરિયા, સૌ. રેખાબેન કમલકુમાર વ્યાસ તથા સૌ. ગીતા ગીરીશ મૈશેરી પરિવારે લીધેલ. યાત્રા દરમિયાન સંઘભક્તિનો લાભ સૌ. રમાબેન ગોવિંદજી દંડ પરિવાર (નાંદગામ), શ્રી રાજુભાઈ દામજી પોલડિયા પરિવાર (નાસિક), સૌ. વનિતા નૂતન લોડાયા પરિવાર (મુંબઈ) એ લીધેલ. યાત્રામાં દરરોજ બપોરની ચાનો લાભ શ્રી પ્રદીપ જેઠાભાઈ મોમાયાએ લીધેલ. થાણા સ્ટેશને શ્રી રાજુભાઈ પદમશી ઘરમશી

પરિવારે ચાનો લાભા લીધેલ. પાછા વળતાં સૂરત સ્ટેશને નવકારશીનો લાભ શ્રીમતી નિર્મલાબેન કુંવરજી લાલકા પરિવાર (વડોદરા)એ અને વી.ટી. સ્ટેશને સૌ. તારાબેન કીર્તિભાઈ જોશી પરિવારે મીઠાઈ આપી સંઘભક્તિ કરેલ. સંઘની ચૈત્યપરીપાટી યાત્રા આનંદ સાથે સુખરૂપે પૂર્ણ થઈ.

## શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ–ચાલીસગામ

ટ્રસ્ટના દર બુધવારે ગરીબોને ભોજન માટેના દૈનિક નકરાના સહયોગી દાતાઓઃ સરલાબેન ગંગાજર મોમાયા (ચેન્નઈ), જલગામ મહિલા મંડળ (જલગામ), જિનેશ દેવેશ દંડ હ. દયમંતીબેન દિલિપ દંડ (અમદાવાદ), શાંતિલાલ લાલજી દંડ (વડાલા-દલતુંગી), એક સદ્‌ગૃહસ્થ, કિશોર પાસુભાઈ મૈશેરી (મસ્જીદ બંદર), માતુશ્રી રતનબેન હીરજી લોડાયા (મુલુન્ડ), મુકેશ ખીમજી લોડાયા (મુલુન્ડ), દમયંતીબેન દિલિપ દંડ (અમદાવાદ), પૂ. ગુણલક્ષ્મીશ્રીજીની પ્રેરણાથી.

## શ્રી ક.દ.ઓ. જૈન સમાજ–વડોદરા

અત્રે તા.૧૭-૧૦-૧૨ના દીક્ષાર્થી બહેનો કુ. રૂચી મુકેશ શીયાડ તથા કુ. નીરાલી મુકેશ શીયાડ (તેરા-ઘાટકોપર)નું બહુમાન સમાજ તરફથી સમાજના ભવનમાં બહોળી સંખ્યાના સંઘમાં શ્રીફળ-માળા-તિલકથી કરવામાં આવેલ.

ભવનમાં નવપદ આયંબિલ ઓળીના લાભાર્થી માતુશ્રી નવલબેન જેચંદ લોડાયા (જખૌ-વડોદરા) પરિવારે લાભ લીધેલ. ઓળીની સુંદર આરાધના થઈ. અત્રે વિમલનાથ પ્રભુની છત્રછાયામાં કે.ડી.ઓ. ભવને પૂ. ગણિવર્ય શ્રી કવીન્દ્રસાગરજી મ.સા. તથા પૂ. મુનીરાજ શ્રી કલ્પતરૂ સાગરજી મ.સા.ની નિશ્રામાં તા.૨૧-૧૦-૧૨ના ધાર્મિક સમૃધ્ધિવર્ધક શ્રી મહાલક્ષ્મીનું મહાપુજન થયેલ. ચાતુર્માસમાં વિવિધ તપશ્ચર્યાઓ સહ વિવિધ અનુષ્ઠાન ગોઠવાયા. જેથી સંઘમાં ધાર્મિક ભાવના વૃધ્ધિ થઈ.

શ્રી મહાલક્ષ્મીજીના યંત્રો ૧૨૫ કુટુંબોએ મેળવી. શ્રધ્ધાભાવથી પૂજનમાં સહભાગી થયા. તેમાં સ્થાનિક સંઘના સૌ તથા અમદાવાદ અને મુંબઈથી પણ ભાવિકો પધાર્યા હતા. આ પૂજન ઉત્કૃષ્ટ પૂજન સામગ્રીઓથી કરાયું હતું.

આ પ્રસંગે સમગ્ર જૈન સમાજમાં જાણીતા અંગ્રેજીના નિષ્ણાંત શ્રી નટવરલાલ રાઘવજી નાગડાનું સન્માન કરવામાં આવ્યું તેઓશ્રીએ ચાતુર્માસસ્થિત પૂજ્યશ્રીઓને દોઢ મહિનામાં જ ઉચ્ચસ્તરીય અંગ્રેજીનું જ્ઞાન પ્રદાન કરેલ. મહાલક્ષ્મી પુજનથી સંઘમાં સુખ સમૃધ્ધિ અને ધર્મભાવના વૃધ્ધિ થઈ. મહાલક્ષ્મીજીને હોલમાં પધરાવવાનો લાભ શ્રી કાંતિલાલ દામજી મોતા (ટીકીટાર) પરિવારે લીધેલ. શ્રી મહાલક્ષ્મીજીને ઘરે લઈ જવાનો લાભ શ્રીમતી ધનલક્ષ્મીબેન જીતેન્દ્ર હરીયા પરિવારે લીધેલ. શ્રી મહાલક્ષ્મીજીની ૧૦૮ દીવાની આરતીનો લાભ શ્રી કાંતિલાલ દામજી મોતા (ટીકીટાર) પરિવારે લીધેલ. આ કાર્યક્રમની તૈયારી માટે પૂજ્યશ્રીના માર્ગદર્શન મુજબ સર્વશ્રી જીતેન્દ્ર ચત્રભોજ લોડાયા, કેશવજી કાનજી ધુલ્લા, પ્રિતમ કુંવરજી લાલકા તથા યુવક મંડળના સર્વે સભ્યોએ જહેમત લીધેલ. અંતે સાધર્મિક સ્વામિવાત્સલ્ય ભક્તિનો સૌએ લાભ આપ્યો. પુજનના અંતે જીવદયા ફંડ થયેલ જેમાં સૌ સહભાગી થયા.

## શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંડળ–વડોદરા

મંડળ દ્વારા તા.૧૫-૧૦-૧૨ના સવારે ૫ કલાકે શ્રી વિમલનાથ દાદાના દર્શન કરી. પૂ. ગણિવર્ય શ્રી કવીન્દ્રસાગરજી મ.સા.ને વંદન કરીને બસ દ્વારા ૫૦ જણાં યાત્રાએ નીકળી. કોબામાં મહાવીરસ્વામીના દર્શન કરીને એક સદગૃહસ્થ તરફથી નવકારશીનો લાભ લઈ રાંતેજમાં સરસ્વતી નેમનાથનાં દર્શન કરી ત્યાં સ્નાત્રપુજા ભણાવી સાધર્મિક ભક્તિનો લાભ માતુશ્રી રતનબેન કાંતિલાલ શાહ પરિવારે લીધેલ. ત્યાંથી શંળલપુરમાં નવખંડા પાર્શ્વનાથદાદાનાં દર્શન અને ચૈત્યવંદન કરીને ત્યાં માતુશ્રી લક્ષ્મીબેન વેલજી દંડ તરફથી ચા-પાણીનો લાભ લીધેલ. ત્યાંથી ગાંભુ તીર્થમાં શ્રી ગંભારા પાર્શ્વનાથનાં સમુહદર્શન કરીને મહેસાણા તીર્થ પ્રયાણ કરેલ. મહેસાણામાં ચૌવિહારનો લાભ ચિ. વિધિ વીપેશ પનપારીયાએ લીધેલ. ત્યાં શ્રી સિમંધરસ્વામીના ચૈત્યવંદન અને દર્શન કરીને બસમાં ધાર્મિક અંતાક્ષરીના ઈનામો માતુશ્રી લક્ષ્મીબેન વેલજી દંડ પરિવાર તરફથી આપવામાં આવેલ. આમ યાત્રા પ્રવાસ ધાર્મિક વાતાવરણ અને આનંદ કિલ્લોલથી યાદગાર રહ્યો.

## પાલીતાણામાં ભવ્ય ઉપધાન તપ આરાધના

માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર (રાપરગઢ)ના સહયોગથી પાલીતાણા તીર્થે પૂ.આ.શ્રી યોગતિલક વિજય સુરીજી મ.સા.આ.ઠા. અને અન્ય સાધુ-સાધ્વીજી મ.સા.ના સાનિદયે ભવ્ય ચાતુર્માસ આરાધના

અને હાલમાં ઉપધાન તપ થઈ રહ્યું છે. ૨૦૦૦થી વધુ ભાવિકો આ તપમાં જોડાયા છે.

ભાગ્યશાળી મોતા પરિવારના ઉદાર સહયોગે ચાલી રહેલ ચાતુર્માસ આરાધનામાં ૧૫૦૦થી વધુ યાત્રિકો પાંચ મહિના માટે સહભાગી થયા છે. ચાતુર્માસમાં ઉપર પહાડયાત્રા ન હોઈ દાદાની સંપૂર્ણ ટુંકનું આબેહુબ પ્રતિકૃતિ કલાકારો દ્વારા નીચે તૈયાર કરાઈ છે. જેથી ભાવિકો દર્શન-વંદન લાભ લઈ શકે છે. એમના સાધર્મિક ભક્તિખંડમાં ભાવિકો માટે ત્રણે ટાઈમ ઉત્તમ ભોજન વ્યવસ્થા ગોઠવાયેલી છે. સવારે જય તળેટીએ દર્શન-વંદન, બપોરે વ્યાખ્યાન, સાંજે જિનાલયોમાં ભવ્ય આંગી અને પ્રતિક્રમણ, રાત્રે પ્રભુભક્તિ ભાવના, સ્વયં શ્રી હિતેશભાઈનો પરિવાર તપની આરાધના કરી રહ્યું છે. તેમણે કોઈ પણ પ્રકારના ગચ્છ-સંપ્રદાય ભેદ વિના યાત્રિકો માટે તમામ સુવિધાઓ અને સાધુ-સાધ્વીજી વૈયાવચ્ચ કરી રહ્યા છે. ચાતુર્માસમાં પધારતા સર્વે સંઘો પણ આ સાધર્મિક ભક્તિનો લાભ લઈ રહ્યા છે. સમ્યક જ્ઞાન-દર્શન-ચારિત્ર્યની સુંદર આરાધના થાય તે માટે સર્વથા સહયોગ આપી એમણે કરેલા સુકૃતોથી પરિવાર, જ્ઞાતિ, ગચ્છ અને શાસનનું ગૌરવ વધ્યું છે.

## જોગેશ્વરીમાં વ્રતોચ્ચાર મહોત્સવ

પૂ. આ.શ્રી ગુણસાગરસુરીજીના જન્મશતાબ્દિ વર્ષે અને અચલગચ્છ પ્રવર્તક પૂ.આ. શ્રી આર્યરક્ષિત સુરીજીની નવમ શતાબ્દિ વર્ષે દાદાગુરૂ પૂ.આ. શ્રી ગૌતમસાગરસૂરીજીના ઋણમુક્તિ સ્વરૂપ સંકળ સંઘના વ્રતોચ્ચાર નાણ સમારોહ તા.૫-૧૧-૧૨નાં સવારે ૮.૩૦ વાગે પૂ.આ. શ્રી કલાપ્રભસાગરસુરીજીની નિશ્રામાં ઉજવાયો.

પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત સહ ૧૪ નિયમ સ્વીકાર કરવાના પચ્ચખાણ અને પુદગલ-પાપવોસી રાવવાનું અનુષ્ઠાન ઉજવાયું. પૂજ્યશ્રીનું સુરીપદ રજતવર્ષ ચાલી રહ્યું છે.

## મુંબઈમાં અહિંસા રેલી

મુંબઈમાં સર્વે જીવદયા પ્રેમીઓની વિરાટ તા.૫-૧૧-૧૨ના ચોપાટીથી આઝાદ મેદાન શાંતિપુર્વક અહિંસા રેલી નીકળી હતી.

## શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ

વિદ્યાપીઠના ઉપક્રમે ધાર્મિક જ્ઞાન-સંસ્કાર પ્રસાર કાર્ય સુપેરે થઈ રહ્યું છે. બાળકો-યુવાઓનાં સંસ્કારી ઘડતર માટે (વય ૧૨થી ૨૫) શિબિર જોગેશ્વરીમાં પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજીની નિશ્રામાં તા.૧૫થી ૨૨-૧૧-૧૨ દરમ્યાન છે. બે-પાંચ પ્રતિક્રમણ કંઠસ્થ અભિયાન અને વિવિધ ધાર્મિક પરીક્ષાઓ પણ ચાલુ છે. વિદ્યાપીઠ દ્વારા વિવિધ ધાર્મિક હરીફાઈઓ પણ યોજાય છે. સંપર્ક શ્રી રામજીભાઈ ઘરોડ-૯૩૨૩૧૯૧૦૫૦

## શ્રી અંકુશ મિત્ર મંડળ ડોમ્બીવલી

મંડળના ઉપક્રમે નવરાત્રી ઉત્સવ ગાવદેવી ડોમ્બીવલી (વે)માં ધામધુમથી ઉજવાયેલ. માતાજીની સ્થાપના શ્રી ભાયચંદભાઈ ખોના સજોડે પુજામાં બેસીને કરી. મંડળ તરફથી દરરોજ ભક્તોને પ્રસાદ અને પ્રભાવના કરાતી હતી. મહારાજે આરતી તેમજ પુજાપાઠ, કરાવેલ આઠમના હવન તથા ૧૦૮ દિવાની આરતી કરાઈ હતી. મંડળ તરફથી સર્વેને દૂધનો પ્રસાદ આપવામાં આવેલ. તેમજ જલેબી-ગાંઠીયા તથા ચા-પાણી તેમજ દસેરાના અલ્પાહાર રાખવામાં આવેલ.

આ નવરાત્રોત્સવમાં આમદાર શ્રી રવિન્દ્ર ચૌહાણ તથા સ્થાનિક નગરસેવક શ્રી જીતેન્દ્ર ભોઈર પધારેલ. આ ઉપરાંત મંડળના પ્રમુખ, શ્રી વિરેન્દ્ર લોડાયા અને કાર્યકરો તથા બહારથી પણ અગ્રણી આમંત્રિતો પધારેલ અને કેટલાક અગ્રણી કાર્યકરોએ શુભેચ્છાઓ પાઠવેલ. જ્ઞાતિજનો તથા આસપાસ પરિસરના ભાઈબહેનોએ સમગ્ર નવરાત્રિમાં સંગીતના સુરતાલે દાંડીયા અને રાસ ગરબામાં ભાગ લઈ, સાંસ્કૃતિ મનોરજન સાથે પરંપરા જાળવી હતી. દરરોજ ૧૫૦૦ જેટલા ભાવિકો પધારીને ઉત્સવની શોભા વધારેલ. કાર્યક્રમ સફળતા માટે સર્વે યુવા કાર્યકરોએ સુંદર જહેમત લીધેલ. કાર્યક્રમમાં ચોમેરથી સુંદર સાથ સહકાર મળેલ. દાતાઓએ ઉદારદિલે વિવિધ લાભમાં સહકાર આપેલ. દાતાઓનું બહુમાન કરાયેલ. વિવિધ સ્પર્ધામાં વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયેલ. કાર્યક્રમનું સૂત્ર સંચાલન અને શિસ્તબધ્ધ ગોઠવણ માટે મંડળના પ્રમુખશ્રી પરેશ માલદે અને કાર્યકરો સર્વશ્રી કિરીટ લોડાયા, હિમત લાપસીયા, પ્રફુલ મોતા અને વિજય લોડાયાએ જહેમત લઈ ફરજ નિભાવી હતી.

સમગ્ર ઉત્સવ શાંતિ શિસ્તથી પારંપરિક સંસ્કૃતિ મહિમાની ઉજવણી સાથે સંપન્ન થયેલ.

## મોડપુરતીર્થે નવનિર્માણ કાર્ય

પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજીની પ્રેરણા-આશિર્વાદે જામનગર નજીક ૪૦૦ વર્ષ પ્રાચીન મોડપર તીર્થનું જિર્ણોધ્ધાર કાર્ય સુપેરે પ્રગતિમાં છે.

આ લાભપાંચમ તા૧૮-૧૧-૧૨નાં શુભમુર્હતે સુપાર્શ્વનાથ જિનાલયે આમલસર (ધ્વજદંડ) ગંભારા-ઉંબરા અને ચોકીઓના ઉંબરા સ્થાપનાનું વિધાન વિધિપુર્વક સકલ સંઘની હાજરીમાં કરવામાં આવશે. સુરીમંત્રિત વાસક્ષેપ છાંટણા કરાશે. આ તીર્થના વિકાસ માટે જ્ઞાતિના કાર્યકરો જહેમત લઈ રહ્યા છે. હાલાર વિભાગમાં આ એક મહિમાવંત તીર્થ જિર્ણોધ્ધાર થઈ રહ્યું છે.

## રાપરગઢ-નાની સિંધોડી મહાજનનું સ્નેહમિલન

રાપરગઢ અને નાની સિંધોડીવાસીઓનું ૪થું સનેહમિલન તા.૨-૧૨-૧૨નાં સવારે ૯થી ૩માં શેઠ નરશી નાથા સભાગૃહ, અનંતસિધ્ધિ, L.B.S. માર્ગ, ભાંડુપ (વે)માં યોજાયેલ છે. બન્ને ગામવાસી જ્ઞાતિ પરિવારો અને નિયાણી બહેનોને સપરિવાર પધારવા આમંત્રણ છે.

આ સ્નેહમિલનના સહયોગી દાતા મા. લક્ષ્મીબેન નરશી મૈશેરી પરિવાર (નાનીસિંધોડી)એ લાભ લીધેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-કોઇમ્બતુર

મહાજન દ્વારા તા.૨૯ અને તા.૩૦-૯-૧૨ના બે દિવસ ચૈત્રપરીપાટી બેંગલોર તથા પ્રવચન પ્રભાવક મુની શ્રી દેવરત્નસાગરજી મ.સા.ને વંદન કરવા ગયેલ.

મહાજનના પ્રમુખ શ્રી અનીલ દેવશી ડાગાના નેતૃત્વમાં સંઘના ૫૫ સભ્યો કે.ડી.ઓ. ભવનથી સવારના શ્રી મુનિસુવ્રતસ્વામી દર્શન કરી રવાના થયેલ. રસ્તામાં નાસ્તાની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ. શ્રી ક્ષીણગીરી તીર્થે સેવા-પુજા કરી ત્યાં જમણને ન્યાય આપી સાંજે સુશીલધામ તીર્થે રાત્રીરોકાણ કરવામાં આવેલ. સુશીલધામ તીર્થ એ બેંગલોર નજીક શંખેશ્વર પાર્શ્વનાથ દાદાનું જોવાલાયક સુંદર તીર્થધામ છે. અત્રે રોકાવા તેમજ જમવા વગેરેની સુંદર વ્યવસ્થા છે. સવારના નવકારશી તેમજ પુજા વગેરે પતાવી બેંગલોર આવેલ.

બેંગલોરમાં શ્રી દેવરત્નસાગરજી મ.સા.ને સંવત્સરી વંદના કરી તેમના પ્રવચન લાભ લઈ સ્થાનીક દેરાસરજીના દર્શને ગયેલ. દક્ષીણ ભારત એકમના પ્રમુખ શ્રી ખુશાલભાઈ ધરમશી એ સંઘનું સ્વાગત કરેલ. તથા એકમ ભવનની મુલાકાત માટે લઈ ગયેલ તથા ત્યાં નાસ્તાની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ.

સંઘના બેંગલોર રોકાણ દરમ્યાન શ્રી ખુશાલભાઈ ધરમશીનો ખુબજ સુંદર સાથ સહકાર મળેલ. ત્યાંથી સાંજે રવાના થઈ સૌ રસ્તામાં બસમાં જ્ઞાનગમ્મત રમતો દ્વારા આનંદ માણી રાત્રે પાછા કોઈમ્બતુર પરત આવ્યા.

આ ચૈત્યપરીપાટીની સુંદર વ્યવસ્થા માટે યુવા શ્રી ભાવેશ દિનેશ લોડાયા તથા શ્રી ભાવિક કીર્તી મોમાયાએ ખુબજ જહેમત ઉઠાવેલ.

## સૌ. કવિતા પિયુષ મોતાની પેન્ટીંગ કલા

મુલુન્ડ (વે)માં લોક એવરેસ્ટ બીલ્ડીંગ બી-૨, માં રહેતા સૌ. કવિતા પિયુષ મોતાએ પોતાના ફ્લેટની દિવાલ (૧૨'×૧૨') પર પરોઢિયે ગ્રામ્યજીવન શૈલી દર્શાવતું વિશાળ પેન્ટીંગ જાતે તૈયાર કરેલ છે. હોમ સાયન્સ ભણેલા સમાજસેવા રસિક કવિતાબેન ગૃહણી, ઉપરાંત પોતાનો વ્યવસાય ધરાવે છે. તેમની કલા, કંઈક સર્જનાત્મક કરવાનો શોખ અને મહેનત આ પેન્ટીંગમાં નજરે પડે છે. આવું કલાત્મક પેન્ટીંગ બનાવવાનું પ્રોત્સાહન અને શ્રેય કવિતાબેન પોતાના સાસુ વિજયાબેનને આપે છે.

## ધુલીયામાં કૃષિ વિદ્યાલય પરીક્ષાભવનનું ઉદ્‌ઘાટન

જ્ઞાતિના સિવિલ ઈન્જીનીયર્સ શ્રી વસંત ઠાકરશી ગોસર, તરૂણ ઠાકરશી ગોસર અને શ્રી કેતન ઠાકરસી ગોસર (ગોએરસમા-ધુલીયા)ના વર્ષા કન્સ્ટ્રક્શન કાં દ્વારા નવનિર્મિત પરીક્ષા કેન્દ્રની ઇમારતનું ઉદ્‌ઘાટન મુખ્યમંત્રી શ્રી પૃથ્વીરાજ ચૌહાણના હસ્તે તા.૨૭-૧૦-૧૨ના થયું. આ પ્રસંગે માન્યવર મંત્રીઓ, સામાજિક અગ્રણીઓ પધારેલ. શ્રી કેતન ઠાકરશી ગોસર દ્વારા મુખ્યમંત્રીનું બહુમાન કરાયું અને મુખ્યમંત્રીએ શ્રી કેતન ઠાકરશી ગોસરનું જાહેર અભિવાદન કરેલ.

## ભુજપુર મહાકાલી મંદિરે પૂજન

શ્રી જિનેન્દ્ર જ્યોતિર્ધામ મંદિર-ભુજપુર સ્થાને નવરાત્રિ આઠમ-દશેરાના વિશેષ પૂજન થયેલ મંદિરની બધી દેવ-દેવીઓ-ગુરૂ મૂર્તિઓના મહાઅભિષેક થયા જેનો લાભ શ્રી હીરાલાલ ડાઘા પરિવારે લીધેલ. માતાજીનું મહાપૂજન-હવનનો સૌ. રશ્મિ પ્રતાપ લોડાયાએ લાભ લીધેલ. દશેરાના શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવનું પૂજન-હવન થયેલ. જે મુંબઈથી પધારેલ શ્રી હેમેન્દ્ર લોડાયા, સૌ. પ્રભા લોડાયા પરિવારે લાભ લીધેલ. પુજા સામગ્રી અને ફુલો મુંબઈથી દિપકભાઈએ લાવેલ. હવનમાં સ્થાનકવાસી સંપ્રદાયના ગાદીપતિ શ્રી પ્રાણલાલજી સ્વામી પધારીને માંગલીક આર્શીવચન આપેલ. બધી માતાજીની મૂર્તિઓને પાનેતર ચુંદડી શણગાર અને ફૂલોની આગી કુ. ઈશ્વરીએ સજાવેલ. ભાવિકોએ દર્શન કરી ધન્યતા અનુભવી. બન્ને દિવસ આરતીનો લાભ શ્રી

હેમેન્દ્રભાઈએ લીધેલ. દશેરાના ભોજનાલયમાં મિષ્ટાન સાધર્મિકભક્તિ રખાઈ હતી. બહારગામથી પધારેલ ભાવિકોનું સન્માન ટ્રસ્ટી હર્ષવર્ધને શાલથી કરેલ. યતિશ્રીએ આર્શીવાદ સાથે માની વિશેષ ભક્તિ પૂજનમાં પધારવા માટે શુભેચ્છા આપેલ. મંદિરની સાધારણ તીથી ભાવિકો તરફથી અપાઈ હતી. ગામજનો અને ભાવિકોએ દર્શનનો લાભ લીધેલ.

## "અંતરંગ" પરિવાર દ્વારા શ્રી ચીમન મોતાનું સન્માન

મે. "તન-મન" ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલક, જાણીતા સામાજિક કાર્યકર અને મુલુન્ડ ગુજરાતી સમાજના અગ્રણી શ્રી ચીમન મોતાનું "અંતરંગ" માસિક મેગઝીન



દ્વારા નવીન ઠક્કર ઓડીટોરીયમ મુંબઈમાં આયોજીત સમારોહમાં મુંબઈના અગ્રણી બીલ્ડર્સ શ્રી નિરંજનભાઈ હીરાનંદાનીની ઉપસ્થિતિમાં, શ્રી નંદલાલભાઈ ઠક્કરના વરદ હસ્તે સન્માન કરાયું હતું. આ સામાજિક કાર્યકરોના સજોડે બહુમાનની યાદીમાં મુલુંડના લોહાણા સમાજના અગ્રણી શ્રી ભરત દનાણી પણ હતા.

શ્રી ચીમનભાઈ મોતા જ્ઞાતિ સંસ્થાઓ ઉપરાંત મુલુન્ડ ગુજરાતી સમાજ અને ટુર એન્ડ ટ્રાવેલ્સ એસોસીયેશનમાં સક્રિય યોગદાન આપી રહ્યા છે.

**ભુલસુધાર :** પ્ર.સ.અંક નં.૪૫માં પાના ૩૪ ઉપર જીવનચક્રની જન્મનોંધણાં શરતચુકથી ચિ. વિશ્વા અભય અશોક લોડાયા છપાયું છે જે સુધારીને વિશ્વા-**અનિષ** અશોક લોડાયા વાંચવું.

● પ્ર.સ.અંક ૪૪માં પાના નં.૩૩ ઉપર સાંઘવ સ્નેહમિલનના સમાચારમાં ક્રોસીઓ વર્કમાં નામ રોશન કરનારા સૌ. પ્રિતીબેન પ્રકાશ લોડાયા (સાંઘવ-થાણા)ની શરતચુકથી ગીનીશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસ નોંધ એમ છપાયું છે જે સુધારીને "**લિમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ**માં નોંધ લેવાઈ છે" એમ વાંચવું.

## શ્રી એલ.ડી. માસ્ટરનું બહુમાન

મુલુન્ડનાં સામાજિક કાર્યકર અને વિસામો ગ્રુપના




અગ્રણી શ્રી એલ.ડી. માસ્ટરનું મોર્ફોસીસ નવરાત્રિ પ્રસંગે શ્રીમતી પુનમ મહાજન અને આયોજકો દ્વારા બહુમાન કરવામાં આવેલ.

## LOVE YOU DAD

At 1, he would have lost his sleep to take care of you.
When you are 10, he would have lost his favourite perfume to pay our school fees.
At 18, he would have lost all his savings to give you graduation.
At your 22 he would have lost his respect to get you a job.
To keep you rich, he would have not even purchased clothes for himself.
To make you lead luxurious life he would have not even taken care of his health
He is the one who sheds his personal interests for your prosperous life.
Salute your dad for his sacrifice & pass
If you feel doing it. Don't think much doing.
The cell in your hand is also because of your DAD.
Pass this message as much as you love your DAD.

LUV YOU DAD...

***-Moksha Jayesh Bhate*** (Matunga)

**પાસ થયા – હાર્દિક અભિનંદન !**

આરતી વિજય લોડાયા-કોઈમ્બતુર MBA (Fin.)

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **કુંવરજી શીવજી મોમાયા** | ૯-૧૬-૩/૧ મડી પેઠ, સીટી ટોકીઝ પાસે, તાયન્ના કંપાઉડ, રાયચુર-૫૮૪૧૦૨ ફોનઃ ૦૯૩૪૨૭૧૧૫૨૪ |
| **દમયંતી એચ. મોતા** | બી-૬૦૧ ગંગાધામ ફેઝ-૧, બીબવેવાડી, કોંઢવા રોડ, પુના-૪૧૧૦૩૭ |
| **અરવિંદ જેઠાભાઈ મોમાયા** | એ-૧૧, લક્ષ્મીનિવાસ., ગાંવદેવી., ગુપ્તે રોડ, ડોંબિવલી. (વે.)41202 ફોનઃ 2402880/9819479437 |
| **દિલીપ લક્ષ્મીચંદ ખોના** | ૪૦૪ શ્રીરામ કૃપા., જુના ડોંબીવલી રોડ-૩, કૈલાસનગર, ડોંબિવલી(વે)-421202. 9320366670/9833126039 |
| **મનીષ રેન્દ દંડ** | એ-૧, કાજલ, જયહિંદ કોલોની, ગોકર્ણ બંગલો સામે, ગુપ્તે રોડ, ડોંબીવલી (વે)-421202. ફોન.9594549999/9773741111 |
| **યતીન પ્રતાપ મોતા** | વિમલ પ્લાઝા, બારોઈ રોડ, મુંદ્રા (કચ્છ) |
| **કીર્તિ ભારમલ નાગડા** | બી-૩,ગોયલ પ્લાઝા, માનસી સર્કલ, જજ બંગલો રોડ, વસ્ત્રાપુરા અમદાવાદ-380015 ફોનઃ 079-26761937 |
| **મલીક લક્ષ્મીચંદ લોડાયા** | બી-૪૦૪, અંબિકા એપા. ૯૦ ફીટ રોડ, સાને ગુરૂજી નગર, મુલુન્ડ (ઈ)-400081 ફોન 27905671/9821123415/9819513312 |
| **નવીન રાયશી લોડાયા** | કોવઈ નગર, બંગલો નં.૩૧, ભુજ-મુંદ્રા રોડ, ભુજ-370001 ફોનઃ 09537648282/9427761567 |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

નરેન્દ્ર ધનજી દંડ-લાલબાગ 9892969176/9967449345 વિક્રમ મોમાયા-રાયચુર 09611092260

નીતિન જીવરાજ મોતા-મુલુન્ડ ૨૫૬૦૦૭૧૧

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૮-૮-૧૨ | મુલુન્ડ | MJLO050103 | ધરા-મેહુલ નીતિન લક્ષ્મીચંદ લોડાયા | મંજલ | કન્યા |
| ૬-૧૦-૧૨ | અંધેરી | JKKN021101 | વિવાન-રાહુલ દિનેશ ખોના | જખૌ | પુત્ર |
| ૧૫-૧૦-૧૨ | અંકલેશ્વર | LLLO010703 | પરી-દિપેશ નવીનચંદ્ર લોડાયા | લાલા | કન્યા |
| ૧૭-૧૦-૧૨ | અંધેરી | KRMT | તેજ-કુનાલ અનિલ મોતા | કોઠારા | પુત્ર |
| ૨૪-૧૦-૧૨ | કલ્યાણ | KRMA040203 | ગૌતમ-જયેશ હીરચંદ મૈશેરી | કોઠારા | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧-૧૧-૧૨ | મુલુંડ | TRMT0150803 | અંજુલ કિશોર કેશવજી મોતા | તેરા | ૩૦ |
| | મુલુંડ | SMLO040504 | રેશ્મા ચીમનલાલ લઘુભાઈ લોડાયા | મોટીસિંધોડી | ૨૯ |
| ૩-૧૧-૧૨ | મુલુંડ | DAKN010204 | મોનિશ દિલીપ રાયચંદ ખોના | દલતુંગી | ૨૮ |
| | બીલીમોરા | RNVK011203 | રિધ્ધી હિરેન દામજી વિકમશી | રાણપુર | ૨૩ |
| ૩-૧૧-૧૨ | મુલુંડ | KRMT010203 | નોહીલ નિતીન જીવરાજ મોતા | કોઠારા | ૨૯ |
| | હુબલી | JKMU051004 | દક્ષા કૈલાસ ખેતશી મુનવર | જખૌ | ૨૩ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫-૧૧-૧૨ | હૈદરાબાદ | RPNG040705 | ખીરિશ (રાજા) નવીનચંદ્ર આણંદજી નાગડા | રાપરગઢ | ૩૦ |
| | અદીલાબાદ | A | સુરેખા ગંગવા દાસવા | અદીલાબાદ | ૨૨ |
| ૧૮-૧૦-૧૨ | કોપલ | NLNG111003 | ભાવેશ રમેશચંદ જયચંદ નાગડા | | ૨૮ |
| | રેણીગુંટા | A | વિદ્યાશ્રી બી.. વેંકટેશ | | ૨૧ |

### લગ્ન છૂટા છેડા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૧-૧-૧૨ | ઈટારશી | NLLO07601 | યોગેશ શીવજી લખમશી લોડાયા | નલીયા | ૩૭ |
| | આંબીવલી | VRDA14 | નિશા (હર્ષા) આણંદજી ભાણજી ડાઘા | વરાડીયા | ૩૧ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬-૧૦-૧૨ | ગદગ | KRMT01100101 | પુરબાઈ વાલજી ધનજી મોતા | કોઠારા | ૮૫ |
| ૪-૧૧-૧૨ | ભાંડુપ | SMLO040301 | માણેકજી લઘુભાઈ હીરજી લોડાયા | મોટીસિંધોડી | ૯૬ |



।। શ્રી આદેશ્વર દાદાય નમઃ ।।

# વિમલગિરિ વર્ષાવાસ



## મહામંગલકારી ઉપધાન તપ

**આયોજક : માતૃશ્રી તારાબાઈ માણેકજી કેશવજી મોતા પરિવાર-રાપરગઢવારી, કચ્છ**



## આદેશ્વર દાદાના દરબારની રૂપલિકા



વ્યાખ્યાનના સાંભળતા આરાધકો



ઉપધાન ક્રિયા કરતા શ્રાવકો



ઉપધાન ક્રિયા કરતી શ્રાવીકાઓં







ઉપધાન ક્રિયા કરતા શ્રાવકો અને શ્રાવીકાઓં

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

ACBL Estd 1984

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S.Marg, Vikhroli (W), Mumbai- 400 083.
Tel.:2579 9326 Fax :2579 9323 Email : acblho@arihantbank.com

અરિહંત લોન સ્કીમ

અરિહંત બેંક

અરિહંત-ટર્મ લોન ફાઈનાન્સ (for Industries & SSI units)

અરિહંત મોર્ટગેજ ઓવ્હરડ્રાફ્ટ અને લોન (ધંધાકિય હેતુ માટે)

અરિહંત-ટ્રાન્સપોર્ટ (ટ્રક, ટ્રેઈલર અને હેવી વેહીકલ માટે)

અરિહંત-ટ્રેડ (વેપારીઓ માટે)

અરિહંત-વ્હિલ્સ (two & four વ્હિલર માટે)

અરિહંત-ગોલ્ડ લોન (ઘરેણા સામે ધીરાણ) (ટૂંક સમયમાં)

અરિહંત-હોમ (ઘર માટે)

અરિહંત-Securities (Govt. Security, NSC, LIC, RBI - BONDS વગેરે સામે)

અરિહંત-ટોપ અપ (ઘરના રિનોવેશન માટે)

અરિહંત-પર્સનલ (વ્યક્તિગત જરૂરીયાત માટે)

અરિહંત-Comfort (Consumer Durable માટે)

અરિહંત-એજ્યુકેશન (વિદ્યાર્થીઓ માટે)

અરિહંત-રેન્ટ

અરિહંત-હેલ્થ (ડોક્ટર્સ માટે)

શ્રી કુમાર બી. દંડ (ચેરમેન) | શ્રી કલ્યાણજી સી. છેડા (વાઈસ ચેરમેન) | શ્રી એમ. સી. શેટ્ટી (સી.ઈ.ઓ.)

### બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ

| | | |
|---|---|---|
| શ્રી મહેન્દ્ર ડી. ખોના | શ્રી નિતિન આર. શાહ | શ્રીમતી માલતી એચ. ઘરમશી |
| શ્રી ધનેશ કે. મોમાયા | શ્રી પારસ એલ. શાહ | મિસ દીપ્તી એન. મોમાયા |
| શ્રી ગુલાબ ડી. શાહ | શ્રી કિરણકુમાર એન. મોમાયા | શ્રીમતી મનાલી એ. મટકર |
| શ્રી કિશોર કે. ખોના | શ્રી મણિકાન્ત વી. નાગડા | શ્રીમતી રંજના પી. પાટીલ |
| | શ્રી મણીલાલ વી. બારોટ | |

અમારા માનવંતા શેર ધારકો અને ગ્રાહકોને દિવાળી તથા નુતન વર્ષની

"હાર્દિક શુભેચ્છા"

વધુ જાણકારી માટે તમારી નજીકની શાખાનો સંપર્ક કરો.

### * OUR BRANCHES *

| BHANDUP Branch | MULUND Branch | GHATKOPAR Branch | CHINCHBUNDER Branch | MOHILI Branch | DOMBIVLI Branch | APMC - Vashi Branch | THANE Branch |
|---|---|---|---|---|---|---|---|
| 022-25954422 | 022-25647157 | 022-25015820 | 022-23478134 | 022-25023778 | 0251 2445809 | 022-27849430 | 022 25437977 |

"આવો આપણે સૌ સાથે મળી અરિહંત બેંકને વધુ મજબુત બનાવવા સંકલ્પ કરીએ."

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**